સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 27

JUNE-JULY 2024
30-06-24 TO 06-07-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.


ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**30 JUN-2024**

- દિવસ મહિમા : 30 જૂન, વિશ્વ સોશિયલ મીડિયા દિવસ (World Social Media Day), આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (International Day of Parliamentarism), આંતરરાષ્ટ્રીય એસ્ટરોઇડ દિવસ (International Asteriod Day) ..... 02
- ICC T-20 વર્લ્ડ કપ 2024માં ભારત ચેમ્પિયન ..... 03
- 1975ની કટોકટી (1975 Emergency) ..... 07
- QUESTION ANSWERS ..... 20

**01 JULY-2024**

- દિવસ મહિમા : 01 જુલાઈ, રાષ્ટ્રીય ડોક્ટર દિવસ (National Doctor's Day), GST દિવસ ..... 22
- આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ : લેફ્ટનન્ટ જનરલ એન.એસ.રાજા સુબ્રમણી ..... 22
- eSankhyiki પોર્ટલ ..... 23
- યુરોપિયન કાઉન્સિલના નવા પ્રમુખ : શ્રી એન્ટોનિયો કોસ્ટા ..... 24
- QUESTION ANSWERS ..... 25

**02 JULY-2024**

- દિવસ મહિમા : 02 જુલાઈ, વિશ્વ UFO દિવસ ..... 26
- પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ ..... 26
- ત્રણ દિગ્ગજોની આંતરરાષ્ટ્રીય T-20 ક્રિકેટમાંથી નિવૃત્તિ ..... 28
- ત્રણ નવા ફોજદારી કાયદાઓનો 1 જુલાઈથી દેશભરમાં અમલ ..... 29
- QUESTION ANSWERS ..... 32

**03 JULY-2024**

- ગાંધીનગરમાં 'ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન'નું ઉદ્દઘાટન ..... 33
- પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયાના નવા પ્રમુખ ..... 33
- CBDTના નવા અધ્યક્ષ : શ્રી રવિ અગ્રવાલ ..... 34
- QUESTION ANSWERS ..... 35

**04 JULY-2024**

- SEBEX-2 ..... 36
- ભારત-બાંગ્લાદેશ સંબંધો (India-Bangladesh Relations) ..... 37
- ભારત પર FATF મ્યુચ્યુઅલ એસેસમેન્ટ રિપોર્ટ ..... 39
- QUESTION ANSWERS ..... 41

**05 JULY-2024**

- ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય મહિલા ટીમનો સૌથી મોટો સ્કોર ..... 42
- Rudram-1 મિસાઈલનું સફળ પરીક્ષણ ..... 42
- Exercise MAITREE : ભારત - થાઈલેન્ડ ..... 43
- QUESTION ANSWERS ..... 44

**06 JULY-2024**

- નીતિ આયોગે 'સંપુર્ણતા અભિયાન' શરૂ કર્યું ..... 45
- મહારાષ્ટ્રના પ્રથમ મહિલા મુખ્ય સચિવ : સુજાતા સૌનિક ..... 45
- યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કમિટીના 46મા સત્રનું આયોજન ભારત કરશે ..... 46
- QUESTION ANSWERS ..... 46

**ONE LINER** ..... 47

**QUESTION OF THIS WEEK** ..... 51


INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 30 જૂન, (1) વિશ્વ સોશિયલ મીડિયા દિવસ (World Social Media Day)
(2) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (International Day of Parliamentarism)
(3) આંતરરાષ્ટ્રીય એસ્ટરોઈડ દિવસ (International Asteriod Day)

## આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત 30 જૂન, 2024ના રોજ સાતમાં 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- 30 જૂન, 2018ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' (International Parliamentarism Day)ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે વિશ્વના આશરે 193 દેશોમાં સંસદીય વ્યવસ્થા અસ્તિત્વમાં છે.
- લોકશાહી માટે સંસદીય વ્યવસ્થા ખૂબ જ અગત્યની છે.



- આથી, સંસદીય વ્યવસ્થાનું મહત્ત્વ અથવા તો અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## 30 જૂનની પસંદગી શા માટે ?

30 જૂન, 1889ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંસદીય કાર્ય પ્રણાલી માટે 'ઈન્ટર પાર્લિયામેન્ટરી યુનિયન'ની સ્થાપના કરવામાં આવી હતી.

- આથી, 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી માટે 30 જૂનની પસંદગી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICC T-20 વર્લ્ડ કપ 2024માં ભારત ચેમ્પિયન

1 જૂન થી 29 જૂન 2024 દરમિયાન વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024નું આયોજન થયું હતું.

- વર્ષ 2024માં યોજાયેલ આ 9મો ICC મેન્સ T-20 વર્લ્ડ કપ હતો.
- આ T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ભારતએ દક્ષિણ આફ્રિકાને હરાવીને આ વર્લ્ડ કપ જીતી લીધો છે.
- ભારતે બીજી વખત T-20 વર્લ્ડ કપ જીત્યો છે.
- આ અગાઉ વર્ષ 2007માં ભારતે T-20 વર્લ્ડ કપ જીત્યો હતો.
- વર્ષ 2024ના T-20 વર્લ્ડ કપમાં કુલ 20 ટીમોએ ભાગ લીધો હતો.




### સેમિફાઈનલ મેચ

આ વર્લ્ડ કપની પ્રથમ સેમિફાઈનલ મેચ અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે યોજાઈ હતી.

- જેમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને પરાજય આપ્યો હતો.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જ્યારે વર્લ્ડ કપની બીજી સેમિફાઈનલ મેચ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાઈ હતી.
- જેમાં ભારતે ઈંગ્લેન્ડને પરાજય આપ્યો હતો.

## T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ

ICC મેન્સ T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ હતી.

- આ ફાઈનલ મેચ બાર્બાડોસમાં બ્રિજટાઉનના કેન્સિંગ્ટન સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
- આ ફાઈનલ મેચમાં ભારતે પ્રથમ દાવમાં 20 ઓવરમાં 176 રન ફટકાર્યા હતા.
- ત્યારબાદ દક્ષિણ આફ્રિકાએ 20 ઓવરમાં 169 રન ફટકાર્યા હતા.
- આ સાથે, ભારતે T-20 વર્લ્ડ કપ 2024 જીતી લીધો હતો.
- ફાઈનલ મેચમાં 76 રન ફટકારનાર શ્રી વિરાટ કોહલી પ્લેયર ઓફ ધ




## મેન ઓફ ધ સિરીઝ અથવા પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ

ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024માં ભારતના પ્રસિદ્ધ બોલર શ્રી જસપ્રીત બુમરાહ 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' બન્યા હતા.



- તેમણે સમગ્ર ટુર્નામેન્ટમાં 8.27ની શાનદાર એવરેજથી 15 વિકેટ લીધી હતી.

## વર્લ્ડ કપમાં સૌથી વધુ રન

ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024માં સૌથી વધુ રન અફઘાનિસ્તાનના ખેલાડી શ્રી રહેમાનુલ્લા ગુરબાઝએ કર્યા હતા.



- શ્રી રહેમાનુલ્લા ગુરબાઝે સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ 281 રન ફટકાર્યા હતા.
- ત્યારબાદ બીજા નંબરે ભારતના શ્રી રોહિત શર્માએ 257 રન ફટકાર્યા હતા.

## વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ

ICC મેન્સ T-20 ક્રિકેટ વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ ભારતના શ્રી અર્શદીપ સિંહ અને અફઘાનિસ્તાનના શ્રી ફઝલહક ફારુકીએ ઝડપી હતી.

- આ બંનેએ 17-17 વિકેટ ઝડપી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024ની કેટલીક મહત્ત્વની બાબતો

વર્ષ 2024માં યોજાયેલ આ ICC મેન્સ T-20 વર્લ્ડ કપની નવમી આવૃત્તિ હતી.

- T-20 વર્લ્ડ કપ 2024નું વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા દ્વારા સહ–આયોજન કરવામાં આવ્યું હતું.
- T-20 વર્લ્ડ કપ 2024માં કુલ 20 ટીમોએ ભાગ લીધો હતો.
- કેનેડા અને યુગાન્ડા પ્રથમ વખત મેન્સ T-20 વર્લ્ડ કપ માટે ક્વોલીફાય થયા હતા, જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સએ સહ–યજમાન હોવાના કારણે પ્રથમ વખત ભાગ લીધો હતો.
- T-20 ક્વોલિફાય ટીમોને 5 ગ્રુપમાં વહેંચવામાં આવી હતી. જે નીચે મુજબ છે :
  (1) ગ્રુપ - A : ભારત, અમેરિકા, કેનેડા, પાકિસ્તાન, આયર્લેન્ડ
  (2) ગ્રુપ - B : ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, નામિબિયા, ઓમાન, સ્કોટલેન્ડ
  (3) ગ્રુપ - C : અફઘાનિસ્તાન, ન્યુઝીલેન્ડ, પાપુઆ ન્યુ ગિની, યુગાન્ડા, વેસ્ટ ઈન્ડિઝ
  (4) ગ્રુપ - D : બાંગ્લાદેશ, નેપાળ, નેધરલેન્ડ, દ.આફ્રિકા, શ્રીલંકા
- ત્યારબાદ દરેક ગ્રુપમાંથી પોઈન્ટ ટેબલના આધારે પ્રથમ બે ટીમોને સુપર-8 સ્ટેજ માટે પસંદ કરવામાં આવી હતી. સુપર-8માં ચાર–ચાર ટીમોને બે ગ્રુપમાં વિભાજિત કરવામાં આવી હતી.
- સુપર-8માં પહોંચેલી ટીમો નીચે મુજબ છે :
  (1) ગ્રુપ - A : ભારત, અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ
  (2) ગ્રુપ - B : દ. આફ્રિકા, ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, અમેરિકા
- ત્યારબાદ સુપર-8માંથી ચાર ટીમોએ સેમિફાઈનલમાં પ્રવેશ લીધો હતો.
- T-20 વર્લ્ડ કપમાં ભારતના કેપ્ટન શ્રી રોહિત શર્મા હતા.
- જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમના કેપ્ટન શ્રી એઈડન માર્કરમ હતા.
- T-20 વર્લ્ડ કપ 2024માં સૌથી વધુ સિક્સર વેસ્ટ–ઈન્ડિઝના ખેલાડી શ્રી નિકોલસ પુરન (17 સિક્સ) ફટકારી હતી.
- BCCI સચિવ જય શાહે ભારતીય ટીમ માટે 125 કરોડનું ઈનામ જાહેર કર્યુ હતું. જે ખેલાડી સહિત તમામ સ્ટાફ વચ્ચે વહેંચવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024માં ઈનામની રકમ

| ક્રમ | કેટેગરી | ઈનામની રકમ |
|---|---|---|
| 1 | વર્લ્ડ કપ વિજેતા ટીમ | 2.45 મિલિયન ડોલર (આશરે 20.42 કરોડ રૂપિયા) |
| 2 | રનર્સ–અપ ટીમ | 1.28 મિલિયન ડોલર (આશરે 10.67 કરોડ રૂપિયા) |
| 3 | સેમિફાઈનલમાં પરાજિત ટીમ | 787,500 ડોલર (6.56 કરોડ રૂપિયા) |

## ICC મેન્સ T-20 વર્લ્ડ કપ

વર્ષ 2007માં સૌપ્રથમ મેન્સ T-20 વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું.

- વર્ષ 2007માં સૌપ્રથમ ભારતે આ T-20 વર્લ્ડ કપ જીત્યો હતો.
- આ ઈવેન્ટ સામાન્ય રીતે દર બે વર્ષે યોજવામાં આવે છે.
- ભારત, ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝએ બે–બે વખત T-20 વર્લ્ડ કપ જીત્યો છે.
- હવે પછી આગામી T-20 વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકામાં વર્ષ 2026માં યોજાશે.

### T-20 ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન અને વિજેતા

| ક્રમ | વર્ષ | યજમાન દેશ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|---|
| 1 | 2007 | દક્ષિણ આફ્રિકા | ભારત | પાકિસ્તાન |
| 2 | 2009 | ઈંગ્લેન્ડ | પાકિસ્તાન | શ્રીલંકા |
| 3 | 2010 | વેસ્ટ ઈન્ડિઝ | ઈંગ્લેન્ડ | ઓસ્ટ્રેલિયા |
| 4 | 2012 | શ્રીલંકા | વેસ્ટ ઈન્ડિઝ | શ્રીલંકા |
| 5 | 2014 | બાંગ્લાદેશ | શ્રીલંકા | ભારત |
| 6 | 2016 | ભારત | વેસ્ટ ઈન્ડિઝ | ઈંગ્લેન્ડ |
| 7 | 2021 | યુએઈ–ઓમાન | ઓસ્ટ્રેલિયા | ન્યૂઝીલેન્ડ |
| 8 | 2022 | ઓસ્ટ્રેલિયા | ઈંગ્લેન્ડ | પાકિસ્તાન |
| 9 | 2024 | વેસ્ટ ઈન્ડિઝ–અમેરિકા | ભારત | દક્ષિણ આફ્રિકા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) વર્ષ 2007માં જ્યારે ભારત T-20 વર્લ્ડ કપ જીત્યું હતું ત્યારે તેના કેપ્ટન શ્રી મહેન્દ્ર સિંહ ધોની હતા, જ્યારે 2024ના T-20 વર્લ્ડ કપમાં શ્રી રોહિત શર્મા કેપ્ટન હતા.

(2) ભારતે બે T-20 વર્લ્ડ કપ ઉપરાંત ICC મેન્સ વન્ડે વર્લ્ડ કપ પણ જીત્યા છે. સૌપ્રથમ શ્રી કપિલ દેવના નેતૃત્વમાં વર્ષ 1983નો વર્લ્ડ કપ અને શ્રી મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં 2011નો વર્લ્ડ કપ.

(3) નોંધનીય છે કે મેન્સ વન–ડે ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ 1975થી થયો હતો.

## ICC

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન 'International Cricket Council' (ICC) દ્વારા કરવામાં આવે છે.

- ICCની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.

- ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા વર્ષ 1909માં ઈમ્પીરીયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 1965માં તેનું નામ બદલીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ રાખવામાં આવ્યું. તથા વર્ષ 1987માં તેનું વર્તમાન નામ 'ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ' રાખવામાં આવ્યું હતું.
- તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'Cricket For Good' છે.
- ICCના ફૂલ ટાઈમ સભ્યોમાં કુલ 12 દેશોનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત ICC પાસે હાલમાં 108 સભ્ય દેશો છે.

## BCCI

BCCIનું પૂરું નામ 'Board of Control for Cricket in India' છે.

- BCCI એ ભારતમાં ક્રિકેટનું રાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- BCCI એ સમગ્ર વિશ્વમાં સૌથી ધાનઢ્ય ક્રિકેટ બોર્ડ છે.
- BCCIની સ્થાપના 1928માં થઈ હતી.
- તેનું વડું મથક મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આવેલું છે.
- શ્રી આર.ઈ. (Raymond Eustace) ગ્રાન્ટ ગોવન BCCIના પ્રથમ પ્રમુખ હતા.

નોંધ : (1) BCCIના વર્તમાન પ્રમુખ શ્રી રોજર બિન્ની છે.
(2) BCCIના વર્તમાન ઉપપ્રમુખ શ્રી રાજીવ શુકલા છે.
(3) BCCIના વર્તમાન સેક્રેટરી શ્રી જય શાહ છે.

## 1975ની કટોકટી (1975 Emergency)

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 1975ની રાષ્ટ્રીય કટોકટી સામે વિરોધ કરનારા તમામ મહાન પુરુષો અને સ્ત્રીઓને શ્રદ્ધાંજલિ આપી હતી.

- 25 જૂન, 2024 એ ભારતમાં રાષ્ટ્રીય કટોકટીની ઘોષણાની 49મી વર્ષગાંઠ હતી.
- ભારતમાં કટોકટી 1975 થી 1977 સુધીનો 21 મહિનાનો સમયગાળો હતો.
- તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની સલાહ પર તત્કાલીન રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહેમદે 25 જૂન, 1975ના રોજ 'આંતરિક અશાંતિ'ના આધારે અનુચ્છેદ-352 હેઠળ રાષ્ટ્રીય કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ સમયગાળામાં ભારતના લોકતાંત્રિક કાર્યોની અવગણના કરવામાં આવી હતી. આથી તેણે ભારતના સામાજિક અને રાજકીય દષ્ટિકોણ પર પ્રતિકૂળ અસર કરી હતી.

## ભારતમાં કટોકટી અંગેની બંધારણીય જોગવાઈઓ

### કટોકટી અંગેની જોગવાઈઓ શું છે ?

ભારતીય બંધારણના ભાગ-18માં અનુચ્છેદ 352 થી 360માં કટોકટીની જોગવાઈઓ કરવામાં આવી છે.

- કટોકટીની આ જોગવાઈઓ અસામાન્ય પરિસ્થિતિમાં દેશમાં શાંતિ અને સલામતી સ્થાપવા માટે કેન્દ્ર સરકારને સત્તા આપે છે, જેથી દેશની એકતા, અખંડિતા અને સાર્વભૌમત્વ જળવાઈ રહે.
- કટોકટી સમયે દેશની સમવાયતંત્રી શાસન વ્યવસ્થા આપોઆપ એકતંત્રી શાસન વ્યવસ્થામાં પરિવર્તિત થઈ જાય છે.
- આથી, કટોકટી સમયે દેશની તમામ સત્તાઓ કેન્દ્ર સરકાર પાસે રહે છે. તથા બધા જ રાજ્યો કેન્દ્રના સંપૂર્ણ નિયંત્રણમાં આવી જાય છે.
- ભારતીય બંધારણમાં કટોકટીની જોગવાઈઓ જર્મનીના વાઈમર બંધારણથી પ્રેરિત છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કટોકટી સંબંધિત બંધારણીય જોગવાઈઓ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ-352 | રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત |
| અનુચ્છેદ-353 | રાષ્ટ્રીય કટોકટીના અમલની અસરો |
| અનુચ્છેદ-354 | કટોકટીના અમલ દરમિયાન આવકોની વહેંચણી સંબંધિત જોગવાઈઓ |
| અનુચ્છેદ-355 | રાજ્યો પર બાહ્ય આક્રમણ તથા આંતરિક અશાંતિથી સુરક્ષા સંબંધી કેન્દ્રની ફરજો |
| અનુચ્છેદ-356 | રાજ્યમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જવાની પરિસ્થિતિ અંગેની જોગવાઈઓ |
| અનુચ્છેદ-357 | અનુચ્છેદ 356 અંતર્ગતની જાહેરાત બાદ કાયદાકીય સત્તાઓના ઉપયોગ અંગે |
| અનુચ્છેદ-358 | કટોકટી સમયે અનુચ્છેદ 19ની સ્વતંત્રતા સંબંધી જોગવાઈઓ |
| અનુચ્છેદ-359 | કટોકટી સમયે મૂળભૂત અધિકારોની મોકૂફી બાબત |
| અનુચ્છેદ-360 | નાણાકીય કટોકટીની જોગવાઈઓ |

## ભારતીય બંધારણમાં કટોકટીના પ્રકારો

ભારતીય બંધારણમાં ત્રણ પ્રકારની કટોકટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે :

**કટોકટીના પ્રકાર**

- રાષ્ટ્રીય કટોકટી અનુચ્છેદ 352
  કારણ : યુદ્ધ, બાહ્ય આક્રમણ અથવા સશસ્ત્ર વિદ્રોહ
- રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન અનુચ્છેદ 356
  કારણ : રાજ્યનો વહીવટ બંધારણીય રીતે ચાલતો ન હોય
- નાણાકીય કટોકટી અનુચ્છેદ 360
  કારણ : ભારતની નાણાકીય સ્થિરતા અને ધિરાણ (Credit) જોખમમાં હોય

## 1. રાષ્ટ્રીય કટોકટી (National Emergency) અનુચ્છેદ-352

ભારતીય બંધારણના અનુચ્છેદ 352માં રાષ્ટ્રીય કટોકટીની જોગવાઈ કરવામાં આવી છે. ભારતમાં અનુચ્છેદ 352 અંતર્ગતની જોગવાઈને આધારે રાષ્ટ્રીય કટોકટી લાદવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કેવા સંજોગોમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર થાય છે ?

- ભારત અથવા ભારતના કોઈ ભાગની સુરક્ષાને યુદ્ધ (war) અથવા બાહ્ય આક્રમણ (External Aggression) અથવા આંતરિક સશસ્ત્ર વિદ્રોહ (Armed Rebellion)ના કારણે જોખમ છે તેવી ખાતરી રાષ્ટ્રપતિને થાય તો તેઓ ભારતીય બંધારણના અનુચ્છેદ 352(1) અંતર્ગત રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી શકે. આ ઉપરાંત યુદ્ધ, બાહ્ય આક્રમણ અથવા સશસ્ત્ર વિદ્રોહ થવાની સંભાવના હોય તો તેને આધારે પણ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી શકે છે.
- ભારતના મૂળ બંધારણમાં ત્રણ આધારો પર રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવાની જોગવાઈ હતી. જેમાં યુદ્ધ, બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિનો સમાવેશ થતો હતો. ઈ.સ. 1975માં તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ભારતમાં 'આંતરિક અશાંતિ'ના આધારે રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી હતી.
- વર્ષ 1975માં 'આંતરિક અશાંતિ'ના આધારે જાહેર કરાયેલી આ રાષ્ટ્રીય કટોકટી અનુચ્છેદ 352નો દુરુપયોગ હતો. તેથી '44મા બંધારણીય સુધારા, 1978' દ્વારા અનુચ્છેદ 352 અંતર્ગત ઉલ્લેખિત 'આંતરિક અશાંતિ' શબ્દને સ્થાને 'સશસ્ત્ર વિદ્રોહ' શબ્દ ઉમેરવામાં આવ્યો હતો. આથી, હવે ભારતમાં 'આંતરિક અશાંતિ'ના સ્થાને 'સશસ્ત્ર વિદ્રોહ'ના કારણે રાષ્ટ્રીય કટોકટી જાહેર થઈ શકે છે.

- આમ, હાલ ભારતમાં નીચેના સંજોગોમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર થઈ શકે છે :

**રાષ્ટ્રીય કટોકટી (અનુચ્છેદ 352)**

- **યુદ્ધ અથવા બાહ્ય આક્રમણ**
- **સશસ્ત્ર વિદ્રોહ**

**નોંધ :** ‘સશસ્ત્ર વિદ્રોહ’ને ‘સશસ્ત્ર બંડ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## રાષ્ટ્રીય કટોકટી ક્યાં લાગુ કરી શકાય ?

- ભારતીય બંધારણના અનુચ્છેદ 352 અનુસાર રાષ્ટ્રપતિ સમગ્ર ભારતમાં અથવા તો ભારતના કોઈ ભાગ પર રાષ્ટ્રીય કટોકટી લાગુ કરી શકે છે. 42મા બંધારણીય સુધારા, 1976 દ્વારા કરવામાં આવેલી જોગવાઈ અનુસાર રાષ્ટ્રપતિ ભારત દેશના કોઈ વિશેષ ભાગ પર પણ રાષ્ટ્રીય કટોકટી લાગુ કરી શકે છે.

## રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવાની પ્રક્રિયા

- જો ભારત અથવા ભારતના કોઈ ભાગની સુરક્ષાને યુદ્ધ (war) અથવા બાહ્ય આક્રમણ (External Aggression) અથવા સશસ્ત્ર વિદ્રોહ (Armed Rebellion)ના કારણે જોખમ ઉત્પન્ન થાય તેવી ખાતરી રાષ્ટ્રપતિને થાય તો તેઓ ભારતીય બંધારણના અનુચ્છેદ 352(1) અંતર્ગતની જોગવાઈને આધારે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરે છે. જોકે, બંધારણના અનુચ્છેદ 352(3) અનુસાર રાષ્ટ્રપતિ કેન્દ્રીય મંત્રીમંડળની (કેબિનેટની) લેખિત ભલામણ બાદ જ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી શકે છે.
- ઈ.સ. 1975માં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કેબિનેટની સલાહ લીધા વગર જ રાષ્ટ્રપતિને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવા ભલામણ કરી હતી. અને બાકીના મંત્રીઓને પછીથી રાષ્ટ્રીય કટોકટીની જાણ કરવામાં આવી હતી. જેને કારણે ઘણો વિવાદ થયો હતો. આથી, ‘44મા બંધારણીય સુધારા, 1978’ થી સ્પષ્ટ કરવામાં આવ્યું કે માત્ર પ્રધાનમંત્રીની ભલામણથી નહીં, પરંતુ કેબિનેટની લેખિત ભલામણના આધારે જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી શકે છે.

**નોંધ :** બંધારણમાં ‘મંત્રીમંડળ’ અથવા તો ‘કેબિનેટ’ શબ્દનો ઉલ્લેખ ફક્ત અનુચ્છેદ 352 અંતર્ગત જ કરવામાં આવેલો છે.

## રાષ્ટ્રીય કટોકટીની ન્યાયિક સમીક્ષા

- ભારતમાં ‘38મા બંધારણીય સુધારા, 1975’થી રાષ્ટ્રીય કટોકટીને ન્યાયિક સમીક્ષાથી મુક્ત રાખવામાં આવી હતી. અર્થાત્ કોઈ વ્યક્તિ રાષ્ટ્રીય કટોકટી અંગે ન્યાયાલયમાં અરજી કરી શકે નહીં એવી જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ ‘44મા બંધારણીય સુધારા, 1978’ દ્વારા આ જોગવાઈ રદ કરવામાં આવી હતી.

- ઈ.સ. 1980માં મિનર્વા મિલ્સ કેસમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે, જો રાષ્ટ્રીય કટોકટી અસંગત તથ્યો, અસંબંધિત બાબતો અથવા કોઈ તર્ક વિના જાહેર કરવામાં આવી હોય તો તેના આધારે તેને ન્યાયાલયમાં પડકારી શકાય છે. એટલે કે તેની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે.
- આમ, ભારતમાં હાલ રાષ્ટ્રીય કટોકટીની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે.

## રાષ્ટ્રીય કટોકટીની મંજૂરી અને સમય મર્યાદા

- રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રીય કટોકટી જાહેર થતાં જ તે લાગુ થઈ જાય છે. અને ત્યારબાદ અનુચ્છેદ 352(4) અનુસાર કટોકટી અંગેના આ પ્રસ્તાવને 1 મહિનાની મુદત પૂરી થાય તે પહેલા સંસદના બંને ગૃહો દ્વારા મંજૂરી મળવી જરૂરી છે.
- જો રાષ્ટ્રીય કટોકટી જાહેર થયાનાં 1 મહિનાની અંદર લોકસભા રાષ્ટ્રીય કટોકટીના પ્રસ્તાવને મંજૂરી આપ્યા વિના વિસર્જિત થઈ જાય તો અથવા તો રાષ્ટ્રીય કટોકટી લોકસભાનું વિસર્જન થઈ ગયું હોય એવા સમયે જાહેર કરવામાં આવી હોય તો નવી લોકસભાની રચનાની પ્રથમ બેઠકથી 30 દિવસની અંદર લોકસભાએ રાષ્ટ્રીય કટોકટીના પ્રસ્તાવને મંજૂરી આપવી જરૂરી છે, અન્યથા રાષ્ટ્રીય કટોકટી સમાપ્ત થશે. જોકે, રાજ્યસભા કાયમી ગૃહ છે. તેથી રાષ્ટ્રીય કટોકટી અંગે રાજ્યસભાની મંજૂરી તો 1 મહિનામાં મળવી જ જોઈએ.
- અનુચ્છેદ 352(5) અનુસાર જો બંને ગૃહો દ્વારા રાષ્ટ્રીય કટોકટીના પ્રસ્તાવને મંજૂરી મળી જાય તો આવી કટોકટી 6 મહિના સુધી અમલમાં રહેશે. અને આ 6 મહિનાની ગણતરી બીજા ગૃહ દ્વારા જે તારીખે આ માટેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવે તે તારીખથી થશે. અને 6 મહિના બાદ ફરી સંસદના બંને ગૃહોની મંજૂરી લઈને કટોકટી લંબાવી શકાય છે. આમ, દર 6 મહિને સંસદની મંજૂરી લઈ રાષ્ટ્રીય કટોકટી અનંતકાળ સુધી લંબાવી શકાય છે.
- જો 6 મહિનાનો સમય પૂરો થાય તે પહેલા જ લોકસભાનું વિસર્જન થઈ જાય અને રાજ્યસભા વધુ 6 મહિના માટે કટોકટી ચાલુ રાખવાનો પ્રસ્તાવ પસાર કરે તો નવી લોકસભાની રચનાની પ્રથમ બેઠકથી 30 દિવસની અંદર લોકસભામાં રાષ્ટ્રીય કટોકટીને ચાલુ રાખવાના પ્રસ્તાવને મંજૂરી મળવી જરૂરી છે, અન્યથા 30 દિવસ પૂરા થતા જ રાષ્ટ્રીય કટોકટી સમાપ્ત થશે.
- અનુચ્છેદ 352(6) મુજબ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવાનો કે રાષ્ટ્રીય કટોકટીના સમયગાળાને વધારવા અંગેનો પ્રસ્તાવ સંસદના બંને ગૃહોમાંથી 'વિશેષ બહુમતી' દ્વારા પસાર થવો જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વિશેષ બહુમતી એટલે –

  (1) ગૃહની કુલ સભ્ય સંખ્યાની 50%થી વધુની બહુમતી (એટલે કે ગૃહના કુલ સભ્યોમાંથી 50% ટકાથી વધુ સભ્યોનું સમર્થન) ઉપરાંત

  (2) ગૃહમાં હાજર અને મતદાન કરતા સભ્યોની 2/3 બહુમતી (એટલે કે ગૃહમાં હાજર રહી મતદાન કરતા સભ્યોમાંથી 2/3 સભ્યોનું સમર્થન, અહીં ગૃહની કામગીરીમાં હાજર હોય પણ મત ન આપે તેવા સભ્યોને બહુમતીમાં ગણવામાં આવતા નથી)

**નોંધ :** (1) રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવાનો કે તેનો સમય વધારવા માટેનો પ્રસ્તાવ 'વિશેષ બહુમતી'થી પસાર કરવાની જોગવાઈ '44મા બંધારણીય સુધારા, 1978'થી કરવામાં આવી છે. એ અગાઉ આવા પ્રસ્તાવો સાદી બહુમતીથી પસાર કરવામાં આવતા હતા.

(2) રાષ્ટ્રીય કટોકટીને સંસદના બંને ગૃહોમાંથી મંજૂરી મેળવવાની સમય મર્યાદા અગાઉ 2 મહિના હતી. જોકે, '44મા બંધારણીય સુધારા, 1978'થી આ સમય મર્યાદા ઘટાડીને 1 મહિનો કરવામાં આવી છે.

(3) રાષ્ટ્રીય કટોકટી માટે દર 6 મહિને મંજૂરી લેવાની જોગવાઈ '44મા બંધારણીય સુધારા, 1978' થી કરવામાં આવી હતી. આ અગાઉ સરકારની ઈચ્છાથી ગમે તેટલો સમય રાષ્ટ્રીય કટોકટી અમલમાં રાખી શકાતી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રીય કટોકટીની સમાપ્તિ

- ભારતીય બંધારણના અનુચ્છેદ 352 મુજબ રાષ્ટ્રીય કટોકટીની સમાપ્તિ નીચે દર્શાવ્યા મુજબ થઈ શકે છે :

  (1) જ્યારે કટોકટીનો સમયગાળો પૂરો થાય અને સંસદ દ્વારા ફરીથી તેની મુદત વધારવામાં ન આવે તો તે આપો આપ સમાપ્ત થાય છે.

  (2) રાષ્ટ્રપતિ કોઈપણ સમયે જાહેરાત કરીને રાષ્ટ્રીય કટોકટી સમાપ્ત કરી શકે છે. આ માટે રાષ્ટ્રપતિને સંસદની મંજૂરીની આવશ્યકતા નથી.

  (3) અનુચ્છેદ 352(7) અનુસાર જો લોકસભા રાષ્ટ્રીય કટોકટી ચાલુ રાખવાનો પ્રસ્તાવ નામંજૂર કરે તો રાષ્ટ્રપતિ માટે રાષ્ટ્રીય કટોકટી સમાપ્ત કરવી ફરજિયાત છે. આ બાબત '44મા બંધારણીય સુધારા, 1978' દ્વારા બંધારણમાં ઉમેરવામાં આવી છે.

  (4) અનુચ્છેદ 352(8) અનુસાર જ્યારે લોકસભાની કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછા 1/10 સભ્યો જો રાષ્ટ્રીય કટોકટીને અમાન્ય કરવા લોકસભાનું સત્ર ચાલુ હોય તો અધ્યક્ષને અથવા સત્ર ચાલુ ન હોય તો રાષ્ટ્રપતિને લેખિતમાં નોટિસ આપે તો નોટિસ મળ્યાના 14 દિવસની અંદર લોકસભાની વિશેષ બેઠક બોલાવવામાં આવે છે. અને આ બેઠકમાં રાષ્ટ્રીય કટોકટીને અમાન્ય કરતો પ્રસ્તાવ પસાર કરીને રાષ્ટ્રીય કટોકટીને સમાપ્ત કરી શકાય છે. આ બાબતને '44મા બંધારણીય સુધારા, 1978' દ્વારા બંધારણમાં ઉમેરવામાં આવી હતી.

(5) જ્યારે રાષ્ટ્રીય કટોકટીને મંજૂરી આપ્યા વિના લોકસભાનું વિસર્જન થાય તે સમયે અથવા તો લોકસભાનું સત્ર ચાલુ ન હોય તે સમયે જો રાજ્યસભા પણ રાષ્ટ્રીય કટોકટીને મંજૂરી ન આપે તો રાષ્ટ્રીય કટોકટી સમાપ્ત થાય છે.

નોંધ : (1) રાષ્ટ્રીય કટોકટીને અમાન્ય કરવા માટેનો પ્રસ્તાવ ફક્ત લોકસભામાં જ પસાર કરી શકાય છે.

(2) લોકસભામાં 'સાદી બહુમતી'થી (એટલે કે ગૃહમાં હાજર અને મતદાન કરનાર સભ્યોની 50 ટકાથી વધુની સહમતીથી) રાષ્ટ્રીય કટોકટીને અમાન્ય કરવા માટેનો પ્રસ્તાવ પસાર કરી શકાય છે. તેના માટે 'વિશેષ બહુમતી'ની જરૂર નથી.

(3) જોકે, રાષ્ટ્રીય કટોકટીની મંજૂરી આપવા માટેનો તથા તેને ચાલુ રાખવાનો પ્રસ્તાવ સંસદના બંને ગૃહોમાંથી 'વિશેષ બહુમતી'થી પસાર થવો જરૂરી છે.

## ભારતમાં રાષ્ટ્રીય કટોકટીનો ઈતિહાસ

- ભારતમાં અત્યાર સુધીમાં ત્રણ વખત રાષ્ટ્રીય કટોકટી લાગુ કરવામાં આવી છે. જેની માહિતી નીચે મુજબ છે :

### 1. પ્રથમ રાષ્ટ્રીય કટોકટી

- સમયગાળો : 26 ઓક્ટોબર, 1962થી 10 જાન્યુઆરી, 1968 સુધી
- રાષ્ટ્રીય કટોકટીનું કારણ : બાહ્ય આક્રમણ [NEFA (North-East Frontier Agency) જે હાલમાં અરુણાચલ પ્રદેશ તરીકે ઓળખાય છે ત્યાં ચીન દ્વારા આક્રમણ કરવામાં આવ્યું હતું.]
- રાષ્ટ્રપતિ : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
- વડાપ્રધાન : શ્રી જવાહરલાલ નહેરુ

નોંધ : ભારતમાં ઓક્ટોબર 1962 થી 1968 સુધી આ કટોકટી અમલમાં રહી હતી. આથી, 1965માં ભારત પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ સમયે નવી કટોકટી જાહેર કરવામાં આવી ન હતી.

### 2. દ્વિતીય રાષ્ટ્રીય કટોકટી

- સમયગાળો : 3 ડિસેમ્બર, 1971થી 21 માર્ચ, 1977
- રાષ્ટ્રીય કટોકટીનું કારણ : બાહ્ય આક્રમણ (પાકિસ્તાન દ્વારા ભારત પર આક્રમણ કરવામાં આવ્યું હતું.)
- રાષ્ટ્રપતિ : શ્રી વી. વી. ગિરિ
- વડાપ્રધાન : શ્રીમતી ઈન્દિરા ગાંધી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 3. તૃતીય રાષ્ટ્રીય કટોકટી

- સમયગાળો : 25 જૂન, 1975થી 23 માર્ચ, 1977
- રાષ્ટ્રીય કટોકટીનું કારણ : આંતરિક અશાંતિ (અમુક લોકો પોલીસ અને સશસ્ત્ર દળોને તેમના કર્તવ્ય વિરુદ્ધ ભડકાવતા હોવાનું કારણ આપીને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવામાં આવી હતી.)
- રાષ્ટ્રપતિ : શ્રી ફકરૂદ્દીન અલી અહમદ
- વડાપ્રધાન : શ્રીમતી ઈન્દિરા ગાંધી

**નોંધ :** (1) ભારતમાં 3 ડિસેમ્બર, 1971થી બીજી રાષ્ટ્રીય કટોકટી લાદવામાં આવી હતી. આ બીજી રાષ્ટ્રીય કટોકટીનો અમલ ચાલુ હતો ત્યારે જ 25 જૂન, 1975ના રોજ ભારતમાં ત્રીજી રાષ્ટ્રીય કટોકટી લાદવામાં આવી હતી.

(2) ભારતીય બંધારણના અનુચ્છેદ 352(9) અનુસાર ભારતમાં કોઈ કટોકટીની જાહેરાત અમલમાં હોય તો પણ રાષ્ટ્રપતિ જુદાં જુદાં કારણોસર એક કરતાં વધુ વખત રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી શકે છે. '38મા બંધારણીય સુધારા, 1975' દ્વારા બંધારણમાં આ જોગવાઈ નવી ઉમેરવામાં આવી હતી.

## 2. ભારતના રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન (અનુચ્છેદ 356)

ભારતીય બંધારણના ભાગ 18માં અનુચ્છેદ 356 અંતર્ગત ભારતના રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન અંગેની જોગવાઈ કરવામાં આવી છે. જેને આધારે ભારતના રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે છે.

### રાષ્ટ્રપતિ શાસન ક્યારે લાગુ પડે છે ?

- બંધારણના અનુચ્છેદ 355ની જોગવાઈ મુજબ દરેક રાજ્ય બંધારણની જોગવાઈઓ અનુસાર રાજ્યનો વહીવટ કરે તે સુનિશ્ચિત કરવાની ફરજ કેન્દ્ર સરકારની છે. આથી, જ્યારે રાજ્યનો વહીવટ બંધારણીય રીતે ન ચાલતો હોય ત્યારે રાજ્યના રાજ્યપાલની ભલામણના આધારે રાષ્ટ્રપતિ તે રાજ્યમાં અનુચ્છેદ 356 અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી શકે છે. રાજ્યમાં લાગુ કરવામાં આવતા આ રાષ્ટ્રપતિ શાસનને 'બંધારણીય કટોકટી' પણ કહેવામાં આવે છે.
- અનુચ્છેદ 356 અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા માટેના બે આધારો છે :

(1) જ્યારે કોઈ રાજ્યની સરકાર બંધારણની જોગવાઈઓ અનુસાર ચાલતી ન હોય તેવી સ્થિતિમાં રાજ્યપાલની ભલામણના આધારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી શકાય છે. રાષ્ટ્રપતિ આવો નિર્ણય જે તે રાજ્યના રાજ્યપાલના અહેવાલને આધારે અથવા અહેવાલ વિના પોતાને યોગ્ય લાગે તેવી રીતે લઈ શકે છે.

(2) રાજ્યોએ કેન્દ્ર સરકારના આદેશોનું પાલન કરવું ફરજિયાત છે. અને બંધારણના અનુચ્છેદ 365ની જોગવાઈ અનુસાર જ્યારે કોઈ રાજ્ય કેન્દ્ર દ્વારા સૂચવવામાં આવેલ આદેશોનું પાલન ન કરે અથવા તેનો અમલ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિ કાયદેસર રીતે ઠરાવી શકશે કે, આ રાજ્યનો વહીવટ બંધારણની જોગવાઈઓ અનુસાર ચલાવી શકાય એમ નથી તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આથી, આ સંજોગોમાં તેઓ અનુચ્છેદ 356 અંતર્ગત તે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે.

## રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનના સંજોગો

- રાજ્યનો વહીવટ બંધારણીય રીતે ચાલતો ન હોય તો તેવા સંજોગોમાં કોઈપણ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી શકાય છે.
- અહીં રાજ્યનો વહીવટ બંધારણીય રીતે ચાલતો ન હોવાનો અથવા તો બંધારણીય રીતે ચાલી શકે તેમ ન હોવાનો અર્થ એ છે કે –

(1) જ્યારે સામાન્ય ચૂંટણી બાદ વિધાનસભામાં કોઈ પક્ષની સ્પષ્ટ બહુમતી ન હોય.

(2) સામાન્ય ચૂંટણી બાદ જ્યારે બહુમતી ધરાવતો પક્ષ સરકાર બનાવવાની ના પાડે અને રાજ્યપાલ સમક્ષ વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ધરાવતું કોઈ ગઠબંધન પણ ન હોય.

(3) જ્યારે મંત્રી પરિષદ રાજીનામું આપે અને અન્ય કોઈ પણ પક્ષ સરકાર બનાવવા ઈચ્છુક ન હોય અથવા અન્ય પક્ષ પાસે સરકાર બનાવવા યોગ્ય સ્પષ્ટ બહુમતી ન હોય ત્યારે રાજ્ય વિધાનસભાનું વિસર્જન થાય છે અને આ સંજોગોમાં ફરી નવી ચૂંટણી યોજવી શકય ન હોય તો.

(4) જો રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના એવા આદેશની અવગણના કરે કે જે આદેશ આપવાની કેન્દ્ર સરકારને સત્તા હોય. (અનુચ્છેદ 365)

(5) જો રાજ્ય સરકાર સ્વેચ્છાએ પોતાની બંધારણીય ફરજોનું પાલન ન કરે.

## રાષ્ટ્રપતિ શાસનની મંજૂરી અને સમયમર્યાદા

- રાષ્ટ્રપતિ દ્વારા કોઈ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની જાહેરાત કરવામાં આવે તે સાથે જ તે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થઈ જાય છે. અને અનુચ્છેદ 356(3) અનુસાર રાષ્ટ્રપતિ શાસનની આ જાહેરાતને સંસદના બંને ગૃહોમાંથી 2 મહિનામાં મંજૂરી મળવી જરૂરી છે. અન્યથા બે મહિનાની મુદત પૂરી થયે તે અમલમાં રહેશે નહીં.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જો રાષ્ટ્રપતિ શાસન જાહેર થયાનાં 2 મહિનાની અંદર રાષ્ટ્રપતિ શાસનના પ્રસ્તાવને મંજૂરી આપ્યા વિના લોકસભા વિસર્જિત થઈ જાય તો અથવા તો લોકસભાનું વિસર્જન થઈ ગયું હોય એવા સમયે રાષ્ટ્રપતિ શાસન જાહેર કરવામાં આવ્યું હોય તો નવી રચાયેલી લોકસભાની પ્રથમ બેઠકથી 30 દિવસની અંદર લોકસભાએ રાષ્ટ્રપતિ શાસનના પ્રસ્તાવને મંજૂરી આપવી જરૂરી છે, અન્યથા રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થશે. જોકે, રાજ્યસભા કાયમી ગૃહ છે. તેથી રાષ્ટ્રપતિ શાસન અંગે રાજ્યસભાની મંજૂરી તો 2 મહિનામાં મળવી જ જોઈએ.
- જો સંસદના બંને ગૃહો દ્વારા રાષ્ટ્રપતિ શાસનની મંજૂરી આપવામાં આવે તો તે 6 મહિના સુધી અમલમાં રહે છે. આ 6 મહિનાના સમયની ગણતરી રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રપતિ શાસન જાહેર કરવાની તારીખથી થશે. આ 6 મહિના બાદ જો રાષ્ટ્રપતિ શાસન ચાલુ રાખવું હોય તો ફરીથી સંસદની મંજૂરી જરૂરી છે. અનુચ્છેદ 356(4) મુજબ આ રીતે મહત્તમ 3 વર્ષ માટે કોઈ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી શકાય છે, જેના માટે દર 6 મહિને સંસદની મંજૂરી લેવી પડે છે. પરંતુ જો આ 6 મહિનામાં રાષ્ટ્રપતિ શાસનને ચાલુ રાખવાની મંજૂરી આપ્યા વિના લોકસભાનું વિસર્જન થાય અને રાજ્યસભાએ વધુ 6 મહિના માટે તેની મુદત વધારવાનો પ્રસ્તાવ પસાર કરી દીધો હોય તો લોકસભાએ નવી લોકસભાની રચનાની પ્રથમ બેઠકથી 30 દિવસમાં રાષ્ટ્રપતિ શાસન ચાલુ રાખવાના પ્રસ્તાવને મંજૂરી આપવી પડે છે. અન્યથા 30 દિવસની મુદત પૂરી થતાં રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થશે.
- રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાનો કે ચાલુ રાખવા અંગેનો પ્રસ્તાવ સંસદના બંને ગૃહોમાં સાદી બહુમતી (એટલે કે ગૃહમાં હાજર અને મતદાન કરનારા સભ્યોની 50%થી વધુ બહુમતી)થી પસાર કરવામાં આવે છે.

## રાષ્ટ્રપતિ શાસનની સમાપ્તિ

- રાજ્યમાં લાગુ કરાયેલું રાષ્ટ્રપતિ શાસન નીચેના સંજોગોમાં સમાપ્ત થાય છે :
  (1) રાષ્ટ્રપતિ કોઈપણ સમયે જાહેરાત કરીને રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત કરી શકે છે. એ માટે સંસદની મંજૂરીની આવશ્યકતા નથી [અનુચ્છેદ 356(2)].
  (2) રાષ્ટ્રપતિ શાસનનો 6 મહિનાનો સમયગાળો પૂરો થાય અને ત્યારબાદ તેની મુદત લંબાવવાની મંજૂરી આપવામાં ન આવે તો પણ તે સમાપ્ત થાય છે.
  (3) જો રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા કરી સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા તેને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે તો તે દિવસથી જ રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમિક્ષા

- '38મા બંધારણીય સુધારા, 1975' દ્વારા બંધારણમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિ શાસન અંગેના રાષ્ટ્રપતિના નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકે નહીં. પરંતુ '44મા બંધારણીય સુધારા, 1978' દ્વારા આ જોગવાઈ રદ કરવામાં આવી છે. તેથી હાલમાં ભારતમાં રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે.
- રાજસ્થાન રાજ્ય વિરુદ્ધ ભારત સંઘ કેસ, 1971માં, સર્વોચ્ચ ન્યાયાલયે રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા કરવાની સહમતી દર્શાવી હતી. સર્વોચ્ચ ન્યાયાલય મુજબ, રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલ નિર્ણય દુર્ભાવનાથી પ્રેરિત અથવા અતાર્કિક હોવાની સંભાવના છે. આથી, ન્યાયિક સમીક્ષા થવી જોઈએ.
- એસ. આર. બોમ્માઈ વિરુદ્ધ ભારત સંઘ કેસ, 1994માં પણ સર્વોચ્ચ ન્યાયાલયે રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષાને સમર્થન આપ્યું હતું.
- આમ, ભારતમાં હાલ રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે.

## ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન

ગુજરાતમાં અત્યાર સુધીમાં પાંચ વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે. જેની માહિતી નીચે પ્રમાણે છે :

| ક્રમ | વિધાનસભા | રાજ્યપાલ | મુખ્યમંત્રી | રાષ્ટ્રપતિ | સમયગાળો |
|---|---|---|---|---|---|
| 1 | ત્રીજી વિધાનસભા | શ્રી શ્રીમન્નારાયણ | શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ | શ્રી વી. વી. ગિરિ | 13 મે, 1971થી 17 માર્ચ, 1972 |
| 2 | ચોથી વિધાનસભા | શ્રી કે. કે. વિશ્વનાથ | શ્રી ચીમનભાઈ પટેલ | શ્રી ફકરૂદીન અલી અહમદ | 9 ફેબ્રુઆરી, 1974થી 18 જૂન, 1975 |
| 3 | પાંચમી વિધાનસભા | શ્રી કે. કે. વિશ્વનાથ | શ્રી બાબુભાઈ પટેલ | શ્રી ફકરૂદીન અલી અહમદ | 12 માર્ચ, 1976થી 24 ડિસેમ્બર, 1976 |
| 4 | પાંચમી વિધાનસભા | શ્રીમતી શારદા મુખરજી | શ્રી બાબુભાઈ પટેલ | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 17 ફેબ્રુઆરી, 1980થી 8 જૂન, 1980 |
| 5 | નવમી વિધાનસભા | શ્રી કૃષ્ણપાલસિંહ | શ્રી સુરેશભાઈ મહેતા | શ્રી શંકરદયાળ શર્મા | 19 સપ્ટેમ્બર, 1996થી 23 ઓક્ટોબર, 1996 |

**નોંધ :** (1) ઈ.સ.1950 થી અત્યાર સુધીમાં ભારતમાં અંદાજે 100થી વધુ વખત રાષ્ટ્રપતિ શાસનનો ઉપયોગ થઈ ચૂક્યો છે.
(2) ભારતમાં સૌપ્રથમ 1951માં પંજાબમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયું હતું.
(3) ગુજરાતમાં સૌપ્રથમ 1971માં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 3. નાણાકીય કટોકટી (Financial Emergency)(અનુચ્છેદ 360)

- ભારતીય બંધારણના અનુચ્છેદ 360 અંતર્ગત નાણાકીય કટોકટી અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- આ જોગવાઈ અનુસાર ભારતના રાષ્ટ્રપતિ નાણાકીય કટોકટી જાહેર કરવાની સત્તા ધરાવે છે.
- જ્યારે રાષ્ટ્રપતિને એવું જણાય કે, દેશમાં કે દેશના કોઈ ક્ષેત્રમાં નાણાકીય સ્થિતિ જોખમમાં છે (અથવા તો નાણાકીય સ્થિરતા કે શાખ ભયમાં છે) ત્યારે તેઓ નાણાકીય કટોકટી જાહેર કરી શકે છે. [અનુચ્છેદ 360(1)]

### નાણાકીય કટોકટીની મંજૂરી અંગે સંસદની સત્તા

- નાણાકીય કટોકટીનો પ્રસ્તાવ જાહેરાતની તારીખથી બે મહિનામાં સંસદના બંને ગૃહો દ્વારા સાદી બહુમતી (એટલે કે ગૃહમાં હાજર અને મતદાન કરતા સભ્યોની 50%થી વધુની બહુમતી)થી પસાર કરવો આવશ્યક છે. [અનુચ્છેદ 360(2)(C)]
- જો જાહેરાત સમયે લોકસભા વિસર્જિત થઈ ચૂકી હોય અથવા આ પ્રસ્તાવ પસાર થાય તે પહેલા લોકસભા વિસર્જિત થઈ જાય તેવા સંજોગોમાં નવી લોકસભાની રચના બાદ તેની પ્રથમ બેઠક મળે તે તારીખથી 30 દિવસ પૂરા થાય તે પહેલા આ પ્રસ્તાવ પસાર કરવો આવશ્યક છે. આ સમય દરમિયાન રાજ્યસભાની મંજૂરી મળવી જરૂરી છે. [અનુચ્છેદ 360(2)(C)]
- એક વખત સંસદના બંને ગૃહોમાંથી નાણાકીય કટોકટીનો પ્રસ્તાવ પસાર થઈ જાય તો તે અનંતકાળ સુધી અમલમાં રહે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** રાષ્ટ્રીય કટોકટી અને રાષ્ટ્રપતિ શાસન કરતા અહીં એક મુખ્ય તફાવત એ છે કે, રાષ્ટ્રીય કટોકટી અને રાષ્ટ્રપતિ શાસનની જાહેરાત બાદ તેનો અમલ ચાલુ રાખવા માટે દર 6-6 મહિને સંસદની મંજૂરી જરૂરી છે. જ્યારે નાણાકીય કટોકટી લાદવા માટે દર 6-6 મહિને સંસદની મંજૂરીની જરૂર નથી. સંસદની મંજૂરી માત્ર એક વખત જ આવશ્યક છે. એક વખત મંજૂરી મળ્યા બાદ તેને ગમે તેટલા સમય સુધી અમલમાં રાખી શકાય છે.

### નાણાકીય કટોકટીની સમાપ્તિ

રાષ્ટ્રપતિ અન્ય એક જાહેરાત દ્વારા કોઈપણ સમયે નાણાકીય કટોકટી રદ કરી શકે છે. આ માટે સંસદની મંજૂરીની જરૂર નથી. [અનુચ્છેદ 360(2)(A)]

**નોંધ :** ભારતમાં અત્યાર સુધીમાં એકપણ વખત નાણાકીય કટોકટી લાગુ કરવામાં આવી નથી.

## કટોકટીઓ વચ્ચેનો તફાવત

| કટોકટીની બાબતો | રાષ્ટ્રીય કટોકટી | રાષ્ટ્રપતિ શાસન | નાણાકીય કટોકટી |
|---|---|---|---|
| કોણ લાગુ કરે ? | રાષ્ટ્રપતિ | રાષ્ટ્રપતિ | રાષ્ટ્રપતિ |
| અનુચ્છેદ | 352 | 356 | 360 |
| મંજૂરી માટે બહુમતી | વિશેષ બહુમતી | સાદી બહુમતી | સાદી બહુમતી |
| જાહેરાત બાદ સંસદની મંજૂરીની સમય મર્યાદા | 1 મહિનો | 2 મહિના | 2 મહિના |
| મૂળભૂત અધિકારો પર અસર | અનુચ્છેદ 358 અને 359 દ્વારા મોકૂફ | અસર થતી નથી | અસર થતી નથી |
| કેન્દ્ર–રાજ્યના સંબંધો પર અસર | કેન્દ્ર–રાજ્યના ધારાકીય, કારોબારી તેમજ નાણાકીય સંબંધો પર અસર | રાજ્યની ધારાકીય તેમજ નાણાકીય બાબતો પર અસર | ફક્ત નાણાકીય બાબતો પર અસર |
| મહત્તમ કેટલો સમય લાગુ કરી શકાય ? | દર 6 મહિને સંસદની મંજૂરીથી અનંતકાળ સુધી | મહત્તમ 3 વર્ષ સુધી | અનંતકાળ સુધી |




# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ સોશિયલ મીડિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જુલાઈ **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જુલાઈ **(C)**

3. 'આંતરરાષ્ટ્રીય એસ્ટરોઈડ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 30 જૂન (B) 29 જૂન (C) 28 જૂન (D) 27 જૂન **(A)**

4. ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024નું આયોજન કયા દેશમાં થયું હતું ?

(A) ઓસ્ટ્રેલિયા–ન્યુઝીલેન્ડ (B) વેસ્ટ ઈન્ડિઝ–અમેરિકા

(C) ઈંગ્લેન્ડ (D) શ્રીલંકા **(B)**

5. ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) દ.આફ્રિકા (B) ભારત (C) ઓસ્ટ્રેલિયા (D) ઈંગ્લેન્ડ **(B)**

6. ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024માં કઈ ટીમ રનર્સ અપ રહી છે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ઈંગ્લેન્ડ (C) દ.આફ્રિકા (D) ન્યૂઝીલેન્ડ **(C)**

7. ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024માં 'પ્લેયર ઓફ ધ સિરીઝ' કોણ બન્યું છે ?

(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી અર્શદીપ સિંહ

(C) શ્રી રોહિત શર્મા (D) શ્રી જસપ્રીત બુમરાહ **(D)**

8. કયા વર્ષે સૌપ્રથમ ICC T-20 મેન્સ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) 2006 (B) 2007 (C) 2008 (D) 2009 **(B)**

9. વર્ષ 2007માં કયા દેશે સૌપ્રથમ ICC-T-20 મેન્સ વર્લ્ડ કપ જીત્યો હતો ?

(A) ઈંગ્લેન્ડ (B) વેસ્ટ ઈન્ડિઝ (C) પાકિસ્તાન (D) ભારત **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

10. ICC વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'International Cricket Council' છે.
2. તેની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
3. તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
4. તેનું ધ્યેય વાક્ય 'Cricket For Good' છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 (D)

11. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં કટોકટીની જોગવાઈઓ છે ?

(A) અનુચ્છેદ 348 થી 360 (B) અનુચ્છેદ 350 થી 360

(C) અનુચ્છેદ 352 થી 360 (D) અનુચ્છેદ 362 થી 370 (C)

12. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં 'રાષ્ટ્રીય કટોકટી'ની જોગવાઈઓ છે ?

(A) અનુચ્છેદ-352 (B) અનુચ્છેદ-356

(C) અનુચ્છેદ-357 (D) અનુચ્છેદ-360 (A)

13. 1975ની રાષ્ટ્રીય કટોકટી દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ કોણ હતા ?

(A) વરાહગીરી વેંકટગીરી (B) ડૉ. ઝાકીર હુસૈન

(C) નીલમ સંજીવ રેડ્ડી (D) ફખરૂદ્દીન અલી અહેમદ (D)

14. ભારતના બંધારણમાં કેટલા પ્રકારની કટોકટીની જોગવાઈ છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4 (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 01 જુલાઈ, (1) રાષ્ટ્રીય ડોક્ટર દિવસ (National Doctor's Day) (2) GST દિવસ

### રાષ્ટ્રીય ડોક્ટર દિવસ




સમગ્ર ભારતમાં 1 જુલાઈના રોજ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી શ્રી ડો. બિધાન ચંદ્ર રોયની યાદમાં તેમનો જન્મદિન 1, જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 1991થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2024ની 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની થીમ 'Healing Hands, Caring Hearts.' છે.

### ડો. બિધાનચંદ્ર રોય



ડો. બિધાન ચંદ્ર રોય પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી હતા.

- 1 જુલાઈ, 1882ના રોજ બિહારના પટના ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ખૂબ જ જાણીતા ફીઝીશિયન અને શિક્ષણવિદ્ હતા.
- ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (IMA) અને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI)ની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- તેમણે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતાપદ પણ સંભાળ્યું હતું.
- તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પશ્ચિમ બંગાળમાં પાંચ નવા શહેરોની સ્થાપના થઈ હતી.
- તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' (1961)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ : લેફ્ટનન્ટ જનરલ એન.એસ.રાજા સુબ્રમણી

લેફ્ટનન્ટ જનરલ એન.એસ.રાજા સુબ્રમણીએ 1 જુલાઈ, 2024ના રોજ આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે.

- તેમણે આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ તરીકે શ્રી ઉપેન્દ્ર દ્વિવેદીનું સ્થાન લીધું છે.

- નોંધનીય છે કે શ્રી ઉપેન્દ્ર દ્વિવેદીએ 30 જૂનના રોજ આર્મી સ્ટાફના ચીફ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે.
- શ્રી એન.એસ.રાજા સુબ્રમણીને ડિસેમ્બર, 1985માં ગઢવાલ રાઈફલ્સની 8મી બટાલીયનમાં કમિશન આપવામાં આવ્યું હતું.
- તેમની પ્રતિષ્ઠિત સૈન્ય કારકિર્દી 37 વર્ષથી વધુ છે, જે દરમિયાન તેમણે વિવિધ સ્તરે કમાન્ડ સંભાળ્યું છે.
- નોંધનીય છે કે તેઓ આર્મી સ્ટાફના 47માં વાઈસ ચીફ બન્યા છે.



## eSankhyiki પોર્ટલ

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI)એ એક eSankhyiki પોર્ટલ વિકસાવ્યું છે.

### eSankhyiki પોર્ટલ વિશે

તે આયોજકો, નીતિ નિર્માતાઓ, સંશોધકો અને સામાન્ય જનતા માટે રીઅલ–ટાઈમ ઈનપુટસ પ્રદાન કરે છે.

- આ પોર્ટલ સ્ટેટિક્સ ડે પર લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ પોર્ટલનો ઉદ્દેશ્ય દેશમાં સત્તાવાર આંકડાઓના પ્રસારની સરળતા માટે વ્યાપક ડેટા મેનેજમેન્ટ અને શેરિંગ સિસ્ટમની સ્થાપના કરવાનો છે.
- આ પોર્ટલમાં બે મોડ્યુલ છે :

(a) ડેટા કેટલોગ મોડ્યુલ : આ મોડ્યુલ મંત્રાલયની મુખ્ય ડેટા એસેટ્સને એક જ જગ્યાએ એકેસસની સરળતા માટે સૂચિબદ્ધ કરે છે.

- તે વપરાશકર્તાઓને કોષ્ટકોની અંદર સહિત ડેટાસેટ્સમાં શોધવા અને તેનું મૂલ્ય અને પુનઃઉપયોગીતા વધારવા માટે રુચિનો ડેટા ડાઉનલોડ કરવાની મંજૂરી આપે છે.

(b) મેક્રો ઈન્ડીકેટર્સ મોડ્યુલ : આ મોડ્યુલ ચાવીરૂપ મેક્રો ઈન્ડીકેટર્સનો ટાઈમ સીરિઝ ડેટા પ્રદાન કરે છે જેમાં એક્સેસની સરળતા માટે ડેટાને ફિલ્ટરિંગ અને વિઝ્યુલાઈઝ કરવામાં આવે છે.

- મોડ્યુલ વપરાશકર્તાઓને કસ્ટમ ડેટાસેટ્સ, વિઝ્યુલાઈઝેશન ડાઉનલોડ કરવા અને AI દ્વારા શેર કરવાની પણ પરવાનગી આપે છે, જેનાથી ડેટાની પુનઃઉપયોગિતામાં વધારો થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુરોપિયન કાઉન્સિલના નવા પ્રમુખ : શ્રી એન્ટોનિયો કોસ્ટા

પોર્ટુગલના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી એન્ટોનિયો કોસ્ટા યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ તરીકે ચૂંટાયા છે.

- તેઓ 1 ઓક્ટોબર, 2024થી આ પદ સંભાળશે.
- યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ તરીકે તેઓ શ્રી ચાર્લ્સ મિશેલનું સ્થાન લેશે.




### યુરોપિયન કાઉન્સિલ વિશે

યુરોપિયન કાઉન્સિલ એ યુરોપિયન યુનિયનની સંસ્થા છે.

- જે યુરોપિયન યુનિયનની સામાન્ય રાજકીય દિશા અને પ્રાથમિકતાઓને વ્યાખ્યાયિત કરે છે.
- તે 1974માં યુરોપિયન યુનિયન સભ્ય દેશોના વડા અથવા સરકાર વચ્ચે ચર્ચા કરવા માટે એક અનૌપચારિક મંચ તરીકે બનાવવામાં આવ્યું હતું.
- તેના સભ્યોમાં 27 યુરોપિયન યુનિયન સભ્ય દેશોના રાજ્ય અથવા સરકારના વડાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમાં યુરોપિયન યુનિયન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખનો સમાવેશ થાય છે.
- તેનું મુખ્ય મથક બેલ્જિયમના બ્રસેલ્સ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'ભારતમાં 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 જૂન (B) 2 જૂન (C) 1 જુલાઈ (D) 2 જુલાઈ — (C)

2. ભારતમાં કોનો જન્મ દિવસ 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ડો. વિદ્યાસગર રોય (B) ડો. વિશ્વંભર રોય

(C) ડો. બિધાનચંદ્ર રોય (D) ડો. વિદ્યાચંદ્ર રોય — (C)

3. 'GST દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 જુલાઈ (B) 2 જુલાઈ (C) 3 જુલાઈ (D) 4 જુલાઈ — (A)

4. તાજેતરમાં આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી એન.એસ.રાજા સુબ્રમણી (B) શ્રી વી.આર.માથુર

(C) શ્રી સંજય મિશ્રા (D) શ્રી મનોજ એન.પ્રસાદ — (A)

5. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા 'eSankhyiki પોર્ટલ' લોન્ચ કરવામાં આવ્યું હતું ?

(A) ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા

(B) ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા

(C) પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા

(D) આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા — (D)

6. તાજેતરમાં 'યુરોપિયન કાઉન્સિલ'ના પ્રમુખ તરીકે કોણ ચૂંટાયું છે ?

(A) ચાર્લ્સ મિશેલ (B) એન્ટોનિયો કોસ્ટા

(C) હર્મન વેન રોમ્પ્યુ (D) વોન ડેર લેયેન — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 02 જુલાઈ, વિશ્વ UFO દિવસ

## પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ

પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ 29 જૂન, 2024ના રોજથી થયો હતો.

- દર વર્ષે દેશભરમાંથી લાખો લોકો અમરનાથ યાત્રા પર જાય છે. આ યાત્રા 19 ઓગસ્ટ, 2024 સુધી ચાલશે.

### અમરનાથ યાત્રા

ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે જુલાઈ–ઓગસ્ટ મહિનામાં આ યાત્રા યોજાય છે.



- અને આ માટેના રજિસ્ટ્રેશનનો પ્રારંભ એપ્રિલ મહિનામાં જ થઈ જાય છે.
- જમ્મુ કાશ્મીરમાં દર વર્ષે યોજાતી પ્રસિદ્ધ અમરનાથ યાત્રાના બે માર્ગ છે :

  (1) **પહેલગામથી અમરનાથ (37-47 km)**

  (2) **બાલતાલથી અમરનાથ (14-16 km)**
- જમ્મુ કાશ્મીરમાં અમરનાથ યાત્રા માટે પહેલગામ અથવા તો બાલતાલ સુધી બસ અથવા તો અન્ય કોઈ વાહન દ્વારા જઈ શકાય છે.
- ત્યારબાદ પહેલગામ અથવા તો બાલતાલથી આ યાત્રા પગપાળા કરવાની હોય છે.
- જેમાં બાલતાલથી અમરનાથ વચ્ચેની પગપાળા યાત્રા લગભગ 14 કિમી સુધીની હોય છે. આથી, આ રૂટ ખૂબ જ ટૂંકો છે. આ માર્ગે 1 દિવસમાં અમરનાથની યાત્રા થઈ શકે છે.
- પરંતુ બાલતાલથી અમરનાથની યાત્રા ખૂબ જ જોખમી હોવાથી સરકાર આ રૂટથી થતી યાત્રાને પ્રોત્સાહન આપતી નથી. આ માર્ગ પર યાત્રીઓએ પોતાના જોખમે યાત્રા કરવાની હોય છે.
- આથી, મોટા ભાગના યાત્રીઓ પહેલગામથી અમરનાથના માર્ગે જ આ યાત્રા કરે છે. અને ભારત સરકાર પણ સત્તાવાર રીતે આ માર્ગે થતી યાત્રાને જ પ્રોત્સાહન આપે છે.
- આ માર્ગે યાત્રા લગભગ પાંચ દિવસમાં પૂર્ણ થાય છે.

### અમરનાથ યાત્રાનું સંચાલન

જમ્મુ કાશ્મીરમાં યોજાતી આ અમરનાથ યાત્રાનું સંચાલન શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

- આ બોર્ડની રચના વર્ષ 2000માં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- વર્તમાન સમયે જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ તેના અધ્યક્ષ હોય છે. જોકે, અગાઉ જમ્મુ કાશ્મીર જ્યારે રાજ્ય હતું ત્યારે જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ આ બોર્ડના અધ્યક્ષ હતા.

## અમરનાથ મંદિર

અમરનાથ એ હિંદુ ધર્મનું એક મહત્ત્વનું તીર્થસ્થળ છે.

- ભારતમાં જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આવેલા અમરનાથ પર્વતની એક પહાડી ગુફામાં 13,600 ફૂટ ઊંચાઈ પર આ મંદિર આવેલું છે.
- આ ગુફાની લંબાઈ 19 મીટર, પહોળાઈ 16 મીટર અને ઊંચાઈ 11 મીટર જેટલી છે.
- અમરનાથ ગુફા એ ભગવાન શિવનું પ્રસિદ્ધ તીર્થધામ છે.
- તેને તીર્થોનું તીર્થ કહેવામાં આવે છે કેમકે અહીં ભગવાન શિવે માં પાર્વતીને અમરત્વનું રહસ્ય સમજાવ્યું હતું.
- અમરનાથ મંદિરને પ્રસિદ્ધ 51 શક્તિ પીઠોમાંની એક માનવામાં આવે છે. અહીં માતા સતીનો કંઠનો ભાગ પડયો હોવાનું કહેવાય છે.

## અમરનાથ મંદિરની વિશેષતા

અમરનાથ મંદિરની મુખ્ય વિશેષતા આ પવિત્ર ગુફામાં દર વર્ષે બરફથી થતું કુદરતી શિવલિંગનું નિર્માણ છે.

- દર વર્ષે અષાઢી પૂર્ણિમાથી લઈને પવિત્ર શ્રાવણ માસ દરમિયાન નિર્માણ થતા આ બરફના શિવલિંગના દર્શન માટે લાખો શ્રદ્ધાળુઓ આ મંદિરની મુલાકાતે આવે છે.
- આ મંદિરમાં શિવલિંગનું નિર્માણ કુદરતી રીતે જ બરફથી થતું હોવાથી તેને 'હિમાની શિવલિંગ' અથવા તો 'બર્ફાની બાબા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- અહીં ટપકતા બરફના ટીંપામાંથી લગભગ 10 ફૂટ ઊંચું શિવલિંગ બને છે.
- ચંદ્રમાના ઘટવા–વધવા સાથે આ બરફનો આકાર પણ ઘટતો વધતો રહે છે.
- શ્રાવણી પૂર્ણિમાએ તે પોતાના પૂરા આકારમાં આવી જાય છે. અને અમાસ સુધીમાં તે ધીરે ધીરે નાનું થઈ જાય છે.
- અહીં આશ્ચર્યની વાત એ છે કે, આ શિવલિંગ નક્કર બરફનું બનેલું હોય છે. જ્યારે ગુફામાં સામાન્ય રીતે કાચો બરફ હોય છે, જે હાથમાં લેતાં જ ચૂરચૂર થઈ જાય છે.
- આ મૂળ શિવલિંગથી થોડા અંતરે શ્રી ગણેશજી, ભૈરવ અને માતા પાર્વતીના આવા જ અલગ અલગ હિમખંડ હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમરનાથ મંદિર વિશેની લોકવાયકાઓ

(1) આ ગુફામાં ભગવાન શિવે માતા પાર્વતીને અમરકથા સંભળાવી હતી. જેને સાંભળીને શ્રી શુકદેવ ઋષિ શુકદેવ તરીકે અમર થઈ ગયા હતા.

(2) આ ગુફામાં કબૂતરોની એક જોડી પણ આ કથા સાંભળીને અમર થઈ ગઈ હતી. કેટલાક શ્રદ્ધાળુઓને આજે પણ આ કબૂતરોની જોડીના દર્શન થાય છે.

(3) ભગવાન શિવે આ ગુફામાં પાર્વતીને અમરનાથની યાત્રા અને એ માર્ગે આવતા અનેક સ્થળોનું વર્ણન કર્યું હતું. આ કથા સમય જતાં અમરકથા નામથી પ્રસિદ્ધ થઈ હતી.

**નોંધ :** (1) સૌપ્રથમ ભૃગુ ઋષિએ અમરનાથની શોધ કરી હોવાનું માનવામાં આવે છે.

(2) 16મી સદીના પૂર્વાર્ધમાં એક ઘેટા–બકરા ચરાવતા વ્યક્તિને અમરનાથની ગુફામાં બરફના શિવલિંગના સૌપ્રથમ દર્શન થયા હતા એવું પણ કહેવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ત્રણ દિગ્ગજોની આંતરરાષ્ટ્રીય T-20 ક્રિકેટમાંથી નિવૃત્તિ

તાજેતરમાં મેન્સ T-20 વર્લ્ડ કપમાં ભારતની જીત બાદ શ્રી રોહિત શર્મા, શ્રી વિરાટ કોહલી અને શ્રી રવિન્દ્ર જાડેજાએ આંતરરાષ્ટ્રીય T-20 ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.

- તેઓ વન–ડે ક્રિકેટ અને ટેસ્ટ ક્રિકેટમાં રમવાનું ચાલુ રાખશે.









## ત્રણ નવા ફોજદારી કાયદાઓનો 1 જુલાઈથી દેશભરમાં અમલ

1 જુલાઈ, 2024થી સમગ્ર દેશમાં ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવ્યા છે. આ કાયદાથી ન્યાય પ્રણાલીમાં મોટું પરિવર્તન આવશે.

- ભારતીય દંડ સંહિતા (IPC), ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) અને ઈન્ડિયન એવિડન્સ એક્ટનું સ્થાન લેતા ત્રણ નવા કાયદા અમલી બન્યા છે.
- 1 જુલાઈ, 2024થી નીચે મુજબના ત્રણ ફોજદારી કાયદાનો અમલ થયો છે :

(1) ભારતીય ન્યાય સંહિતા, 2023 (ભારતીય દંડ સંહિતા, 1860 (IPC)ની જગ્યાએ)

(2) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 (CrPCની જગ્યાએ)

(3) ભારતીય સાક્ષ્ય સંહિતા, 2023 (એવિડન્સ એક્ટ, 1872ની જગ્યાએ)

- આ નવા કાયદાઓનો ઉદ્દેશ્ય બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં લાગુ કરવામાં આવેલ આ કાયદાઓને રદ કરવાનો અને બદલવાનો છે.

## કાયદાઓમાં કરેલા કેટલાક મહત્ત્વના ફેરફારો

અમલમાં આવેલા ત્રણેય નવા કાયદાઓમાંના કેટલાક મહત્ત્વના ફેરફાર અને મહત્ત્વની જોગવાઈ નીચે મુજબ છે :

(1) IPCની કલમ 124માં રાજદ્રોહને લગતા ગુનામાં સજાની જોગવાઈ કરાઈ હતી. નવા કાયદા હેઠળ રાજદ્રોહને બદલે નવો શબ્દ દેશદ્રોહ રાખવામાં આવ્યો છે. બ્રિટિશકાળનો શબ્દ હટાવાયો છે. ભારતીય ન્યાય સંહિતામાં ચેપ્ટર 7માં રાજ્ય સામે ગુનો કરનારને દેશદ્રોહની શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે.

(2) આ બિલ આતંકવાદ અને અલગતાવાદ, સરકાર સામે સશસ્ત્ર બળવો, દેશની સાર્વભૌમત્વને પડકારવા જેવા ગુનાઓને વ્યાખ્યાયિત કરે છે, જેનો અગાઉ કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

(3) જાતિ, સમુદાય, લિંગ, જન્મસ્થળ, ભાષા, વ્યક્તિગત માન્યતા જેવા આધારો પર પાંચ કે તેથી વધુ લોકો દ્વારા કરવામાં આવે તો હવે મોબ લિંચિંગ મૃત્યુ અથવા આજીવન કેદની સજાને પાત્ર છે.

(4) નાગરિકો તેમના અધિકારક્ષેત્રને ધ્યાનમાં લીધા વિના કોઈપણ પોલીસ સ્ટેશનમાં શૂન્ય એફ.આઈ.આર. નોંધાવી શકશે.

(5) ગુના નોંધાયા પછી 15 દિવસમાં ઝીરો એફ.આઈ.આર. અધિકારક્ષેત્રના પોલીસ સ્ટેશનમાં મોકલવી ફરજિયાત રહેશે.

(6) નવા કાયદામાં મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓ અંગે કડક નિયમો બનાવવામાં આવ્યા છે.

(7) સગીર પર સામૂહિક બળાત્કાર કરનારને મૃત્યુ દંડ અથવા આજીવન કેદની સજા થઈ શકે છે.

(8) ઉલટ તપાસ અને અપીલ સહિતની સમગ્ર સુનાવણી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાથ ધરવામાં આવશે.

(9) જાતિય અપરાધોનો ભોગ બનેલા લોકોના નિવેદનો રેકોર્ડ કરતી વખતે વીડિયોગ્રાફી ફરજિયાત રહેશે.

(10) FIRના 90 દિવસની અંદર ચાર્જશીટ ફરજિયાતપણે દાખલ કરવામાં આવશે. કોર્ટ આવા સમયને 90 દિવસ સુધી લંબાવી શકશે.

(11) સર્ચ અને જપ્તી દરમિયાન વીડિયોગ્રાફી ફરજિયાત રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(12) જે કેસમાં 7 વર્ષની સજાની જોગવાઈ છે ત્યાં ફોરેન્સિક ટીમે પુરાવા એકઠા કરવા ફરજિયાત જવાનું રહેશે.

(13) પીડિતને સુનાવણીની તક આપ્યા વિના સાત વર્ષ કે તેથી વધુની સજા ધરાવતો કોઈપણ કેસ પાછો ખેંચવામાં આવશે નહીં

(14) લગ્ન, નોકરી વગેરેના ખોટા બહાના હેઠળ સ્ત્રી પર બળાત્કાર કરનારને સજા કરતી અલગ જોગવાઈ.

(15) સુનાવણી પૂર્ણ થયા બાદ 30 દિવસની અંદર ફરજિયાતપણે ચુકાદો આપવામાં આવશે.

(16) ચૂકાદો તેની જાહેરાતના સાત દિવસની અંદર ફરજિયાતપણે ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## IPC, CrPC અને એવિડન્સ એક્ટના જૂના કાયદા વિશે માહિતી

### IPC

- IPCનું પૂરું નામ 'Indian Penal Code' છે. જેને ગુજરાતીમાં 'ભારતીય ફોજદારી અધિનિયમ' તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 6 ઓક્ટોબર, 1860ના રોજ ઘડાયો હતો. તથા 1 જાન્યુઆરી, 1862ના રોજ અમલમાં આવ્યો હતો.
- ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 લોર્ડ મેકોલેએ ઘડયો હતો.
- IPCમાં 23 પ્રકરણ અને 511 કલમ હતી.

### CrPC

- CrPCનું પૂરું નામ 'Criminal Procedure Code' છે. જેને ગુજરાતીમાં 'ફોજદારી કાર્યરીતિ અધિનિયમ' તરીકે ઓળખવામાં આવે છે.
- CrPC, 1973 1 એપ્રિલ, 1974ના રોજ અમલમાં આવ્યું હતું.
- CrPC, 1973 કાયદામાં 37 પ્રકરણ અને 484 કલમ હતી.

### એવિડન્સ એક્ટ

- ભારતીય પુરાવા અધિનિયમ, 1872 (એવિડન્સ એક્ટ, 1872) 15 માર્ચ 1872માં ઘડાયો હતો.
- ભારતીય પુરાવા અધિનિયમ, 1872 1 સપ્ટેમ્બર, 1872ના રોજ અમલમાં આવ્યો હતો.
- ભારતીય પુરાવા અધિનિયમ, 1872માં 11 પ્રકરણ અને 167 કલમ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ UFO દિવસ' કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 24 જૂન (B) 2 જુલાઈ (C) 5 ઓગસ્ટ (D) 2 સપ્ટેમ્બર (B)

2. ભારતમાં અમરનાથ યાત્રાનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) જમ્મુ કાશ્મીર પ્રશાસન (B) કેન્દ્ર સરકાર

(C) શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (D) (A) અને (B) બંને (C)

3. નીચેના પૈકી કયા સ્થળેથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થાય છે ?

(A) બારામુલ્લા (B) પૂંચ (C) પહેલગામ (D) પુલવામા (C)

4. ભારતમાં અમરનાથ યાત્રા માટે પ્રસિદ્ધ અમરનાથ મંદિર જમ્મુ કાશ્મીરના કયા જિલ્લામાં આવેલું છે ?

(A) જમ્મુ (B) અનંતનાગ (C) ઉધમપુર (D) કુપવાડા (B)

5. તાજેતરમાં નીચેના પૈકી કયા ભારતીય ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય T-20 ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી ?

(A) શ્રી રોહિત શર્મા (B) શ્રી વિરાટ કોહલી

(C) શ્રી રવિન્દ્ર જાડેજા (D) ઉપરોક્ત ત્રણેય (D)

6. ત્રણ નવા ફોજદારી કાયદા 'ભારતીય ન્યાય સંહિતા, 2023', 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023' અને 'ભારતીય સાક્ષ્ય સંહિતા, 2023'નો અમલ ક્યારથી થયો છે ?

(A) 1 જુલાઈ, 2024 (B) 1 જૂન, 2024

(C) 1 મે, 2024 (D) 1 એપ્રિલ, 2024 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગાંધીનગરમાં 'ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન'નું ઉદ્‌ઘાટન




ભારતની અગ્રણી રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ યુનિવર્સિટી રક્ષા યુનિવર્સિટીએ 23 જૂન, 2024ના રોજ ઓલિમ્પિક દિવસ ઉજવ્યો હતો.

- આ દરમિયાન રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે 'ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન' (BCORE)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ સેન્ટર ઓલિમ્પિક્સ સંબંધિત સંશોધન અને શિક્ષણને આગળ વધારવા માટે સમર્પિત છે, જે તાલીમ પદ્ધતિઓ, રમત વિજ્ઞાન અને રમતવીર વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- આ ઉદ્‌ઘાટન ઓલિમ્પિક રમત ગમતમાં ભારતના રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જ્ઞાનના આધારે મજબૂત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું દર્શાવે છે.
- આ ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રસિદ્ધ ભારતીય એથ્લેટ અને ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના વર્તમાન પ્રમુખ સુશ્રી પી.ટી.ઉષા ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયાના નવા પ્રમુખ




પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર શ્રી કપિલ દેવને પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા (PGTI)ના નવા પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા છે.

- આ નોંધપાત્ર નિમણૂક ભારતમાં વ્યાવસાયિક ગોલ્ફના ઈતિહાસમાં એક નવો અધ્યાય દર્શાવે છે.
- ભારતની 1983 ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ટીમના કેપ્ટન શ્રી કપિલ દેવએ PGTIના સંચાલક મંડળના ઉપાધ્યક્ષ અને સભ્ય તરીકે સેવા આપી હતી.
- 'હરિયાણા હરિકેન' તરીકે જાણીતા શ્રી કપિલ દેવએ 2006માં PGTIના શરૂઆતથી દેશભરમાં ટુર્નામેન્ટ્સનું આયોજન કરીને ભારતમાં વ્યાવસાયિક ગોલ્ફને પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CBDTના નવા અધ્યક્ષ : શ્રી રવિ અગ્રવાલ

1988 બેચના IRS અધિકારી શ્રી રવિ અગ્રવાલને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT)ના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.



- તેમણે આ પદ પર શ્રી નીતિન ગુપ્તાનું સ્થાન લીધું છે.

### CBDT

CBDTનું પૂરું નામ 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ' છે.

- તે સેન્ટ્રલ બોર્ડ ઓફ રેવન્યુ એક્ટ, 1963 હેઠળ કાર્યરત એક વૈધાનિક સત્તા છે.
- CBDT એ ભારત સરકારના નાણા મંત્રાલયના મહેસુલ વિભાગનો એક ભાગ છે.
- તેના કાર્યોમાં નીતિઓની રચના, પ્રત્યક્ષ કરની વસુલાત અને વસુલાતને લગતી બાબતો સાથે વ્યવહાર અને સમગ્ર આવકવેરા વિભાગની કામગીરીની દેખરેખનો સમાવેશ થાય છે.
- CBDT સરકારની નીતિઓને અનુરૂપ પ્રત્યક્ષ કર કાયદાઓમાં કાયદાકીય ફેરફારો અને દરો તથા કરવેરા માળખામાં ફેરફારની પણ દરખાસ્ત કરે છે.
- તે ભારતનું અધિકૃત ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ યુનિટ છે.
- CBDTના અધ્યક્ષ અને CBDTના સભ્યોની પસંદગી ઈન્ડિયન રેવન્યુ સર્વિસ (IRS)માંથી કરવામાં આવે છે, જે ભારતની પ્રીમિયર સિવિલ સર્વિસ છે.





## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં 'ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન'નું ઉદ્ઘાટન કયાં થયું હતું ?

(A) ગાંધીનગર (B) મુંબઈ (C) ચેન્નાઈ (D) નવી દિલ્હી **(A)**

2. તાજેતરમાં પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા (PGTI)ના નવા પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી રવિ શાસ્ત્રી (B) સુશ્રી સાનિયા મિર્ઝા

(C) સુશ્રી પી.ટી.ઉષા (D) શ્રી કપિલ દેવ **(D)**

3. તાજેતરમાં 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી પ્રકાશ મહેતા (B) શ્રી રવિ અગ્રવાલ

(C) શ્રી અનિલ ગુપ્તા (D) શ્રી પ્રવિણ કુમાર **(B)**

4. 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ' (CBDT) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સેન્ટ્રલ બોર્ડ ઓફ રેવન્યુ એક્ટ, 1963 હેઠળ કાર્યરત એક વૈધાનિક સત્તા છે.
2. તે ભારત સરકારના નાણા મંત્રાલયના મહેસુલ વિભાગનો એક ભાગ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

Join Whatsapp Group joinicerajkot.com CLICK HERE icerajkot

## SEBEX-2

ભારતે એક વિસ્ફોટક પદાર્થ બનાવ્યો છે, જે ટ્રિનિટ્રોટોલ્યુએન (Trinitrotoluene-TNT) કરતા બમણો ઘાતક છે.



- તેને SEBEX-2 નામ આપવામાં આવ્યું છે.
- નૌકાદળની ડિફેન્સ એક્સપોર્ટ પ્રમોશન સ્કીમ હેઠળ SEBEX-2ના નવા ફોર્મ્યુલેશનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### SEBEX-2 વિશે

SEBEX-2 એ વિશ્વના સૌથી શક્તિશાળી બિન–પરમાણુ વિસ્ફોટકો પૈકીનું એક હોવાનું કહેવાય છે.

- તે ઉચ્ચ–ગલનશીલ વિસ્ફોટક (HMX) રચનાનો ઉપયોગ કરે છે.
- તે ફોર્મ્યુલેશન વોરહેડ્સ, એરિયલ બોમ્બ, આર્ટિલરી શેલો અને અન્ય યુદ્ધસામગ્રીની ઘાતકતાને નોંધપાત્ર રીતે વધારે છે.
- તે પ્રમાણભૂત TNT ( Trinitrotoluene) કરતા 2.01 ગણું વધુ ઘાતક છે.
- ભારતનું અત્યાર સુધીનું સૌથી ઘાતક બિન–પરમાણુ વિસ્ફોટક બ્રહ્મોસ મિસાઈલના વોરહેડમાં જોવા મળે છે, જેની TNT સમકક્ષ 1.50 છે.
- વિશ્વના મોટાભાગના વોરહેડ્સ 1.25-1.30ની વચ્ચે TNT સમકક્ષતા ધરાવે છે.
- SEBEX-2ની TNT સમકક્ષ 2.01 છે, એટલે કે તે અત્યાર સુધીનું સૌથી ઘાતક બિન–પરંપરાગત વિસ્ફોટક છે.
- SEBEX-2 એ મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ સોલર ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપની, ઈકોનોમિક એક્સપ્લોઝિલ્સ લિમિટેડ (EEL), નાગપુર દ્વારા બનાવવામાં આવ્યું હતું.
- ભારતીય નૌકાદળ દ્વારા તેની સંરક્ષણ નિકાસ પ્રમોશન યોજના હેઠળ તેનું મૂલ્યાંકન, પરીક્ષણ અને પ્રમાણિત કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) વિસ્ફોટકની ઘાતકતા તેની TNT સાથે સરખામણી કરીને માપવામાં આવે છે.

(2) TNTના 1 ગ્રામના વિસ્ફોટમાં છોડવામાં આવતી ઊર્જા આશરે 4000 જ્યુલસ છે. એક મેટ્રિક ટન (1000 કિગ્રા) TNTના વિસ્ફોટક દ્વારા છોડવામાં આવતી ઊર્જાનો જથ્થો TNT સમકક્ષ કહેવાય છે. TNT સમકક્ષ જેટલું ઊંચું છે, તે વધુ ઘાતક છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-બાંગ્લાદેશ સંબંધો (India-Bangladesh Relations)



તાજેતરમાં બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાની ભારત મુલાકાત દરમિયાન બંને દેશો બે પાડોશી અર્થતંત્રો વચ્ચે વ્યાપક આર્થિક સંબંધો માટે માર્ગ મોકળો કરતા 'વ્યાપક આર્થિક ભાગીદારી કરાર' (CEPA) પર સંવાદ કરવા સંમત થયા હતા.

- શ્રીમતી શેખ હસિનાની મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવાનો છે.

### બેઠકના મુખ્ય મુદ્દાઓ

ભારત અને બાંગ્લાદેશ બંને દેશો વચ્ચે આર્થિક સંબંધો વધારવા અને વેપાર તથા રોકાણને પ્રોત્સાહન આપવા માટે CEPA પર કામ શરૂ કરવા સંમત થયા છે.

- આ કરાર દક્ષિણ એશિયામાં ઝડપથી વિકસતા બે અર્થતંત્રો વચ્ચેની આર્થિક પૂરકતાનો લાભ લેવા માગે છે.
- ભારતે બાંગ્લાદેશના સિરાજગંજમાં આંતરદેશીય કન્ટેનર પોર્ટના નિર્માણને ટેકો આપવા સંમતિ આપી છે.
- જે બહેતર લોજિસ્ટિક્સ અને વેપાર પ્રવાહની સુવિધા આપે છે.
- બંને દેશો 1996ની ગંગા જળ સંધિને રિન્યુ કરવા માટે ટેક્નિકલ સ્તરની વાટાઘાટો કરવા સંમત થયા હતા.
- જેમાં પૂર વ્યવસ્થાપન, વહેલી ચેતવણી પ્રણાલીઓ અને પીવાના પાણીની યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું.
- દરિયાઈ સહયોગ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે હિંદ મહાસાગર અને ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં પરસ્પર હિતોને પ્રતિબિંબિત કરે છે.
- ઈન્ડો–પેસિફિક મહાસાગર પહેલમાં સામેલ થવાના બાંગ્લાદેશના નિર્ણયને ભારતે આવકાર્યો હતો.

### ભારત-બાંગ્લાદેશ સહકારમાં અન્ય તાજેતરના વિકાસ અને પ્રોજેક્ટ

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વિકાસ થયેલા કેટલાક મહત્ત્વના પ્રોજેક્ટ્સ, કરારો, ઉદ્‌ઘાટન અને અન્ય માહિતી નીચે મુજબ છે :

(1) ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 1965 પહેલાની રેલ લિંકનું પુનર્વસન અને સચાંલન

(2) વર્ષ 2023માં અખૌરા–અગરતલા રેલ લિંકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જે બાંગ્લાદેશ અને ઉત્તરપૂર્વને ત્રિપુરા સાથે જોડે છે. આ પ્રોજેક્ટ ભારત સરકાર દ્વારા બાંગ્લાદેશને આપવામાં આવેલી રૂ.392.52 કરોડની ગ્રાન્ટ સહાય હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે. અગરતલા–અખૌરા ક્રોસ બોર્ડર રેલ લિંક પ્રોજેક્ટ નોંધપાત્ર રીતે ક્રોસ બોર્ડર વેપાર અને કનેક્ટિવિટીને વેગ આપશે.

(3) ખુલના–મોંગલા પોર્ટ રેલવે લાઈન : તે ભારતની કન્સેશનલ લાઈન ઓફ ક્રેડિટ હેઠળ અમલમાં મૂકવામાં આવ્યો છે. તેમાં મોંગલા પોર્ટને ખુલનાના હાલના એક નેટવર્ક સાથે જોડતા અંદાજે 65 કિ.મી.ના બ્રોડગેજ રેલ માર્ગના નિર્માણનો સમાવેશ થાય છે.

(4) ભારત–બાંગ્લાદેશ ફ્રેન્ડશિપ પાઈપલાઈનનું ઉદ્‌ઘાટન

(5) મૈત્રી બ્રિજનું ઉદ્‌ઘાટન : વર્ષ 2021માં ત્રિપુરાના દક્ષિણ જિલ્લામાં ભારત–બાંગ્લા મૈત્રી બ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ત્રિપુરા રાજ્ય અને બાંગ્લાદેશમાં ભારતીય સીમામાં વહેતી ફેની નદી પર 'મૈત્રી સેતુ પુલ' બનાવવામાં આવ્યો છે.

(6) ઈન્દિરા ગાંધી સાંસ્કૃતિક કેન્દ્ર જેવા કેન્દ્રો દ્વારા સાંસ્કૃતિક આદાનપ્રદાન અને સહકાર

(7) બાંગ્લાદેશ દર વર્ષે ભારતીય ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (ITEC) તાલીમ અભ્યાસક્રમો અને ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિનો લાભ મેળવે છે.

(8) મૈત્રી સુપર થર્મલ પાવર પ્લાન્ટનું ઓપરેશનલાઈઝેશન

## ભારત-બાંગ્લાદેશ સંબંધો

## ઐતિહાસિક સંબંધો

બાંગ્લાદેશ સાથે ભારતના સંબંધોનો પાયો 1971ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધમાં નખાયો હતો.

- પાકિસ્તાનથી આઝાદીની લડાઈમાં બાંગ્લાદેશને મદદ કરવા માટે ભારતે નિર્ણાયક લશ્કરી અને ભૌતિક સહાય પૂરી પાડી હતી.
- ભારત અને બાંગ્લાદેશે 2015માં લેન્ડ બાઉન્ડ્રી એગ્રીમેન્ટ (LBA) અને પ્રાદેશિક પાણી અંગેના દરિયાઈ વિવાદ જેવા લાંબા સમયથી પડતર મુદ્દાઓને સફળતાપૂર્વક ઉકેલ્યા હતા.
- ચીન ભારતના પાડોશી દેશોને પોતાની તરફેણમાં લેવા માટે સતત પ્રયત્નો કરતું રહ્યું છે.
- આમ ભારતના બાંગ્લાદેશ સાથેના સંબંધો આર્થિક અને વ્યૂહાત્મક દૃષ્ટિએ ખૂબ જ લાભદાયી છે.

## આર્થિક સહકાર

બાંગ્લાદેશ એ ભારતની નિકાસ અને દ્વિપક્ષીય વેપાર માટે નિર્ણાયક અર્થતંત્ર છે.

- છેલ્લા એક દાયકામાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષીય વેપાર સતત વધ્યો છે.
- બાંગ્લાદેશ દક્ષિણ એશિયામાં ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે અને ભારત એશિયામાં બાંગ્લાદેશનું બીજુ સૌથી મોટું વેપાર ભાગીદાર છે.
- વર્ષ 2010થી ભારતે બાંગ્લાદેશને 7 બિલિયન અમેરિકન ડોલરથી વધુ મૂલ્યની લાઈન્સ ઓફ ક્રેડિટ વિસ્તારી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઊર્જા

ઊર્જા ક્ષેત્રે બાંગ્લાદેશ ભારતમાંથી લગભગ 2000 મેગાવોટ (MW) વીજળીની આયાત કરે છે.

- 2018માં રશિયા, બાંગ્લાદેશ અને ભારતે બાંગ્લાદેશનું પ્રથમ પરમાણુ પાવર રિએક્ટર, રૂપપુર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પ્રોજેક્ટના અમલીકરણમાં સહકાર પર એક મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા હતા.

## ભૂ-વ્યૂહાત્મક મહત્ત્વ

ભારતના પૂર્વીય પાડોશી તરીકે બાંગ્લાદેશ ભારત માટે નોંધપાત્ર ભૂ–વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે.

- બાંગ્લાદેશ ભારતને બંગાળની ખાડી સુધી પહોંચ અને દક્ષિણપૂર્વ એશિયા સાથે વેપાર અને જોડાણ માટે એક મહત્ત્વપૂર્ણ માર્ગ પૂરો પાડે છે.
- ભારત બાંગ્લાદેશ સાથે લાંબી જમીન, નદી અને દરિયાઈ સીમા વહેંચે છે, જે ભારતની સુરક્ષા અને વિદેશી નીતિ માટે મહત્ત્વપૂર્ણ બનાવે છે.
- ઉદાહરણ તરીકે ચીનના 'સ્ટ્રિંગ ઓફ પર્લ'નો સામનો કરવા માટે ભારતને બાંગ્લાદેશના સહકારની જરૂર છે.

# ભારત પર FATF મ્યુચ્યુઅલ એસેસમેન્ટ રિપોર્ટ




તાજેતરમાં ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)એ ભારત પર મ્યુચ્યુઅલ ઈવેલ્યુએશન રિપોર્ટ (MER) બહાર પાડ્યો હતો.

- જેને સિંગાપોરમાં આયોજિત તેમના પૂર્ણ સત્ર દરમિયાન મંજૂરી આપવામાં આવી હતી.
- ભારતને Regular Follow-UP કેટેગરીમાં મુકવામાં આવ્યું છે, જે તેને એક વિશિષ્ટ જૂથ બનાવે છે. જેમાં ફક્ત ચાર દેશો–યુનાઈટેડ કિંગ્ડમ, ફ્રાન્સ, ઈટાલી અને અન્ય G20 દેશોનો સમાવેશ થાય છે.
- 'રેગ્યુલર ફોલો–અપ'નો અર્થ એ છે કે ભારતે ભલામણ કરેલ પગલાઓ અંગેનો પ્રોગ્રેસ રિપોર્ટ ઓક્ટોબર 2027માં સબમિટ કરવાનો રહેશે.
- FATF સભ્ય દેશોને 'રેગ્યુલર ફોલો–અપ', 'એન્હાન્સ્ડ ફોલો અપ', 'ગ્રે લિસ્ટ' અને 'બ્લેક લિસ્ટ' નામની ચાર કેટેગરીમાં સ્થાન આપે છે.
- ઉપરોક્ત ચાર શ્રેણીઓમાં રેગ્યુલર ફોલો–અપ ટોચની કેટેગરી છે અને પરસ્પર મૂલ્યાંકન અહેવાલ પછી ભારત સહિત G20માં માત્ર 5 દેશોની રેગ્યુલર ફોલો–અપમાં મૂકવામાં આવ્યા છે.

## FATF શું છે ?

FATF એ એક ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે.

- FATFનું પૂરું નામ 'Financial Action Task Force' છે.
- કાળાનાણાને કાયદેસર બનતા રોકવા (મની લોન્ડરિંગ) રોકવા માટે નીતિઓ ઘડવા 1989માં તેની સ્થાપના થઈ હતી.
- ત્યારબાદ તેના કાર્યક્ષેત્રમાં વધારો કરીને આતંકવાદને નાણાકીય મદદ મળતી બંધ થાય તે માટે નીતિઓ બનાવવાની જવાબદારી પણ તેને સોંપવામાં આવી છે.
- તેનું સચિવાલય OECD (Organisation for Economic Co-Operation and Development)ના વડામથકમાં ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં કયા દેશે સફળતાપૂર્વક SEBEX-2 વિકસાવ્યું છે, જે એક નવું વિસ્ફોટક છે ?

(A) ભારત (B) રશિયા (C) અમેરિકા (D) ઉત્તર કોરિયા **(A)**

2. તાજેતરમાં ભારતે SEBEX-2 નામનું વિસ્ફોટક વિકસાવ્યું છે. તેના વિશે નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તે વિશ્વના સૌથી શક્તિશાળી બિન–પરમાણુ વિસ્ફોટકો પૈકીનું એક છે.
2. તે પ્રમાણભૂત TNT (Trinitrotoluene) કરતા 2.01 ગણું ઘાતક છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

3. 'ભારત–બાંગ્લાદેશ સંબંધ' (India-Bangladesh Relations) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. બાંગ્લાદેશ સાથે ભારતના સંબંધોનો પાયો 1971ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધમાં નખાયો હતો.
2. ભારતે ડિસેમ્બર, 2023માં આગામી 10 વર્ષમાં 10,000 MW પાવરની નિકાસ માટે બાંગ્લાદેશ સાથે કરાર કર્યા હતા.
3. બાંગ્લાદેશ દક્ષિણ એશિયામાં ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(A)**

4. FATFનું મુખ્ય મથક કયાં આવેલું છે ?

(A) ન્યુયોર્ક (B) પેરિસ (C) જીનીવા (D) બર્લિન **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય મહિલા ટીમનો સૌથી મોટો સ્કોર

તાજેતરમાં ભારત અને દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમ વચ્ચે ટેસ્ટ ક્રિકેટ મેચનું આયોજન થયું હતું.

- જેમાં ભારતીય મહિલા ટીમે પ્રથમ ઈનિંગમાં 603 રન બનાવ્યા હતા.
- જે આંતરરાષ્ટ્રીય મહિલા ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધીનો સૌથી વધુ સ્કોર છે.
- આ અગાઉ મહિલા ક્રિકેટમાં સૌથી વધુ સ્કોર બનાવવાનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના નામે હતો. ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટ ટીમનો 575 રનનો રેકોર્ડ હતો.
- નોંધનીય છે કે દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટમાં સુશ્રી સૈફાલી વર્માએ 205 રન ફટકાર્યા હતા.




## Rudram-1 મિસાઈલનું સફળ પરીક્ષણ

તાજેતરમાં ભારતીય વાયુસેના (IAF) માટે ડિફેન્સ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા વિકસિત તેની પ્રથમ સ્વદેશી એન્ટિ–રેડિયેશન મિસાઈલ 'RUDRAM-1'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

### Rudram-1 મિસાઈલ વિશે

તે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા વિકસિત એર–ટુ–સરફેસ મિસાઈલ છે.



- તે ભારતીય વાયુસેનાના Sukhoi-30MKI ફાઈટર જેટ સાથે સંકલિત છે, જે લોન્ચ પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.
- તે ભારતની પ્રથમ સ્વદેશી એન્ટિ–રેડિયેશન મિસાઈલ છે.
- તેમાં ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ (INS) - GPS નેવિગેશન અને અંતિમ હુમલા માટે એક નિષ્ક્રિય હોમિંગ હેડ છે, જે તેને રેડિયેશન–ઉત્સર્જન કરતા લક્ષ્યોને ચોક્કસ રીતે હિટ કરવાની મંજૂરી આપે છે.
- INS-GPS નેવિગેશન એક તકનીકી ધાર પ્રદાન કરે છે, જે ફ્રિકવન્સીની વિશાળ શ્રેણી પર ચોક્કસ લક્ષ્યાંકને સક્ષમ કરે છે.
- મિસાઈલને 500 મીટરથી લઈને 15 કિ.મી. સુધીની વિવિધ ઊંચાઈએથી લોન્ચ કરી શકાય છે અને પ્રક્ષેપણની સ્થિતિના આધારે તેની રેન્જ 250 કિલોમીટર સુધીની હોય છે.

- આ મિસાઈલ એરક્રાફ્ટ હેંગર, બંકર અને એરસ્ટ્રીપ્સને નષ્ટ કરવા સક્ષમ છે.
- તે દુશ્મનના ગ્રાઉન્ડ રડાર (સર્વિલન્સ, ટ્રેકિંગ) અને સપ્રેશન ઓફ એનિમી એર ડિફેન્સ (SEAD) મિશનમાં કોમ્યુનિકેશન સ્ટેશનને લક્ષ્ય બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

**નોંધ :** ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ (INS) એ એક સ્વયં–સમાયેલ નેવિગેશન ટેક્નિક છે. જેમાં એક્સીલેરોમીટર અને ગાયરોસ્કોપ દ્વારા આપવામાં આવેલા માપનો ઉપયોગ જાણિતા પ્રારંભિક બિંદુ, દિશા અને વેગને સંબંધિત ઓબ્જેક્ટની સ્થિતિ અને દિશાને ટ્રેક કરવા માટે થાય છે.

## Exercise MAITREE : ભારત - થાઈલેન્ડ

ભારત અને થાઈલેન્ડ વચ્ચેના સંયુક્ત સૈન્ય અભ્યાસ Exercise MAITREEની 13મી આવૃત્તિ તાજેતરમાં શરૂ થઈ છે.

- આ કવાયત 1 જુલાઈ, 2024થી 15 જુલાઈ, 2024 દરમિયાન થાઈલેન્ડના ટાક પ્રાંતના ફોર્ટ વાચિરાપ્રકન ખાતે યોજાઈ છે.
- આ કવાયતની છેલ્લી આવૃત્તિ મેઘાલયના ઉમરોઈ ખાતે 2019માં હાથ ધરવામાં આવી હતી.
- 76 કર્મચારીઓની બનેલી ભારતીય સેનાની ટુકડીનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે લદાખ સ્કાઉટ્સની બટાલિયન દ્વારા અન્ય શસ્ત્રો અને સેવાઓના કર્મચારીઓ સાથે કરવામાં આવ્યું છે.
- રોયલ થાઈલેન્ડ આર્મી ટુકડીમાં પણ 76 કર્મચારીઓનો સમાવેશ થાય છે.
- આ કવાયતનો ઉદ્દેશ્ય ભારત અને થાઈલેન્ડ વચ્ચે લશ્કરી સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.
- આ કવાયત સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ જંગલ અને શહેરી પર્યાવરણમાં સંયુક્ત કાઉન્ટર ઈન્સર્જન્સી/આતંકવાદી ઓપરેશન્સને ચલાવવાની સંયુક્ત ક્ષમતાને વધારશે.
- આ કવાયત બંને પક્ષોને સંયુક્ત કામગીરી હાથ ધરવા માટેની યુક્તિઓ, તકનીકો અને પ્રક્રિયાઓમાં તેમની શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરવા સક્ષમ બનાવશે.
- તથા બંને દેશોના સૈનિકો વચ્ચે આંતર–સંચાલન ક્ષમતા, સોહાર્દ અને મિત્રતા વિકસાવવામાં મદદ કરશે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં નીચેના પૈકી કઈ મહિલા ક્રિકેટ ટીમએ ટેસ્ટ મેચમાં અત્યાર સુધીનો સૌથી વધુ સ્કોર 603 રન બનાવ્યો હતો ?

(A) ઈંગ્લેન્ડ (B) દ. આફ્રિકા (C) ભારત (D) ઓસ્ટ્રેલિયા **(C)**

2. તાજેતરમાં Rudram-1 એર–ટુ–સરફેસ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું, તેને કઈ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી છે ?

(A) JAXA (B) DRDO (C) ISRO (D) NASA **(B)**

3. ભારતીય સેનાએ તાજેતરમાં કયા દેશની સેના સાથે સંયુક્ત લશ્કરી કવાયત 'MAITREE' હાથ ધરી હતી ?

(A) ઈન્ડોનેશિયા (B) જાપાન (C) ઈજિપ્ત (D) થાઈલેન્ડ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## નીતિ આયોગે 'સંપૂર્ણતા અભિયાન' શરૂ કર્યું

નીતિ આયોગે 4 થી 30 સપ્ટેમ્બર, 2024 દરમિયાન 3 મહિનાનું 'સંપૂર્ણતા અભિયાન' શરૂ કર્યું છે.

- આ મહત્ત્વાકાંક્ષી 3 મહિનાના અભિયાનનો હેતુ 112 મહત્ત્વાકાંક્ષી/આકાંક્ષી જિલ્લાઓ અને 500 આકાંક્ષી બ્લોક્સમાં મુખ્ય માપદંડોમાં સંતૃપ્તિ હાંસલ કરવાનો છે.
- આકાંક્ષી જિલ્લાઓ/બ્લોક્સ એ ભારતમાં એવા જિલ્લા અથવા બ્લોક છે જે નબળા સામાજિક–આર્થિક સૂચકાંકોથી પ્રભાવિત છે.

### આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ (એસ્પિરેશનલ ડિસ્ટ્રિક પ્રોગ્રામ-ADP)

- પ્રારંભ : 2018
- ઉદ્દેશ્ય : દેશભરના 112 જિલ્લામાં ઝડપી અને અસરકારક પરિવર્તન લાવવું
- વિષય વસ્તુ અથવા થીમ્સ : આરોગ્ય અને પોષણ, શિક્ષણ, કૃષિ અને જળ સંસાધનો, નાણાકીય સમાવેશ અને કૌશલ્ય વિકાસ, ઈન્ફાસ્ટ્રક્ચર
- સૂચકોની સંખ્યા : 81




### આકાંક્ષી બ્લોક કાર્યક્રમ (ABP)

- પ્રારંભ : 2023
- ઉદ્દેશ્ય : સમગ્ર દેશમાં 500 બ્લોક્સ (329 જિલ્લાઓ)માં આવશ્યક સરકારી સેવાઓની સંતૃપ્તી માટે
- વિષય વસ્તુ અથવા થીમ્સ : આરોગ્ય અને પોષણ, શિક્ષણ, કૃષિ અને સંલગ્ન સેવાઓ, મૂળભૂત ઈન્ફાસ્ટ્રક્ચર, સામાજિક વિકાસ
- સૂચકોની સંખ્યા : 40

## મહારાષ્ટ્રના પ્રથમ મહિલા મુખ્ય સચિવ : સુજાતા સૌનિક

તાજેતરમાં IAS સુજાતા સૌનિકની મહારાષ્ટ્રના મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

- આ નિમણૂક સાથે તેઓ મહારાષ્ટ્ર રાજ્યમાં આ પદ સંભાળનાર પ્રથમ મહિલા અધિકારી બન્યા છે.
- સુજાતા સૌનિક 1987 બેચના IAS અધિકારી છે.
- સુજાતા સૌનિક અગાઉ રાજ્યના એડિશનલ ચીફ સેક્રેટરી પદે કમાન સંભાળી ચૂક્યા છે.



## યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કમિટીના 46મા સત્રનું આયોજન ભારત કરશે

ભારત 21 જુલાઈ થી 31 જુલાઈ, 2024 દરમિયાન નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે 46મા યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કમિટી સત્રનું આયોજન કરશે.

- આ મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક મુત્સદ્દીગીરી ઈવેન્ટમાં 195 દેશોમાંથી 2500થી વધુ પ્રતિનિધિઓ આવશે.
- જેમાં વર્લ્ડ હેરિટેજ કન્વેન્શનના રાજ્ય પક્ષો, સલાહકાર સંસ્થાઓ, વરિષ્ટ રાજદ્વારીઓ, હેરિટેજ નિષ્ણાતો અને વિદ્વાનોનો સમાવેશ થાય છે.
- આ સત્રનો હેતુ વૈશ્વિક સાંસ્કૃતિક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા અને નિર્ણય લેવાનો છે.




## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં નીચેનામાંથી કોણે 'સંપૂર્ણતા અભિયાન' શરૂ કર્યુ છે ?
   (A) DRDO (B) NABARD (C) Niti Ayog (D) ISRO — (C)

2. તાજેતરમાં મહારાષ્ટ્રના પ્રથમ મહિલા મુખ્ય સચિવ કોણ બન્યા છે ?
   (A) અવની ભટ્ટાચાર્ય (B) માલતી દાસ (C) નિરજા પ્રણેશ (D) સુજાતા સૌનિક — (D)

3. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કમિટીના 46માં સત્રનું આયોજન કયો દેશ કરશે ?
   (A) ફ્રાન્સ (B) ભારત (C) રશિયા (D) ચીન — (B)

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **ISO પ્રમાણપત્ર**

મુખ્યમંત્રી કાર્યાલયની ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુક્ત, સમયબદ્ધ અને પ્રજાલક્ષી સુચારુ કામગીરીને આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ પ્રમાણિત કરતા આ ISO 9001 : 2015 સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે. વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યની વહીવટી કાર્યસંસ્કૃતિમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા સાથે ગુણવત્તા અને કાર્યસિદ્ધિના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી કાર્યાલયને 2009માં ISO બેન્ચમાર્કની ક્વોલિટી ઉપર મુક્યું હતું. રાજ્ય શાસનના સર્વોચ્ચ કેન્દ્ર એવા મુખ્યમંત્રી કાર્યાલયને જાહેર સેવાઓના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને સાતત્યપૂર્ણ સુધારાઓ સાથેના સમયબદ્ધ કાર્ય આયોજન માટે આ ISO 9001 : 2015 સર્ટિફિકેશન પ્રથમવાર 2009માં એનાયત થયું હતું.

➤ **ગરવી ગુજરાત ભવનને 'ગ્રીન બિલ્ડિંગ એવોર્ડ'**



નવી દિલ્હી ખાતે આવેલા ગરવી ગુજરાત ભવનને ગ્રીન બિલ્ડિંગ એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ એવોર્ડ ગ્રીન રેટિંગ ફોર ઈન્ટિગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ (GRIHA) દ્વારા આપવામાં આવ્યો છે. GRIHA એ હેબિટાટ રહેણાકના માધ્યમથી ઉત્સર્જનની તીવ્રતામાં ઘટાડાનું મુલ્યાંકન કરવા માટેનું એક મહત્ત્વપૂર્ણ સાધન છે, જે રાષ્ટ્રના 'રાષ્ટ્રીય રીતે નિર્ધારિત યોગદાન'માં દર્શાવ્યા મુજબ ક્લાઈમેન્ટ ચેન્જની સમસ્યાનો સામનો કરવા માટે ભારતની મિટિગેશન સ્ટ્રેટેજીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **INS રણવીર**



તાજેતરમાં ઈસ્ટર્ન નેવલ કમાન્ડના નેજા હેઠળ ઈસ્ટર્ન ફ્લીટનું ભારતીય નૌકાદળનું જહાજ INS રણવીર Operation Deploymentના ભાગરૂપે બાંગ્લાદેશના ચટ્ટોગ્રામ ખાતે પહોંચ્યું હતું. INS રણવીર એ એક રાજપૂત વર્ગ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર છે જે અત્યાધુનિક શસ્ત્રો અને સેન્સર સાથે અપગ્રેડ કરવામાં આવ્યું છે. તે ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવેલા પાંચ રાજપૂત–વર્ગના વિનાશકમાંથી ચોથું છે, જે ઓક્ટોબર 1986ના રોજ કાર્યરત થયું હતું. આ મુલાકાત દરમિયાન ભારતીય અને બાંગ્લાદેશના નૌકાદળના કર્મચારીઓ વિષયક નિષ્ણાત એક્સચેન્જ (SMEE), ક્રોસ–ડેક મુલાકાતો, સમુદાય આઉટરીચ વગેરે જેવી વિશાળ શ્રેણીમાં જોડાશે.

➤ **અરાકુ કોફી**



તાજેતરમાં ‘મન કી બાત’ રેડિયો કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંધ્રપ્રદેશની અરાકુ કોફીના અનન્ય સ્વાદ અને મહત્ત્વની પ્રશંસા કરી હતી. અરાકુ કોફી આંધ્રપ્રદેશના અલ્લુરી સીતારામન રાજુ જિલ્લામાં અરાકુ ખીણમાં ઉગાડવામાં આવે છે, જે પૂર્વ ઘાટમાં સ્થિત છે. આ કોફીમાં ચોકલેટ, કારામેલ અને સૂક્ષ્મ ફળની એસિડિટીનો સ્વાદ છે. તે વિવિધ કૃષિ વનીકરણ પ્રણાલીઓમાં ઉગાડવામાં આવે છે. મુખ્યત્વે કાર્બનિક ખેતી પદ્ધતિનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવે છે. અરાકુ કોફીને કાફે ડી કોલમ્બિયા સ્પર્ધામાં ‘બેસ્ટ રોબસ્ટા’ એવોર્ડ સહિત અનેક આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયા છે. તેના અનન્ય ગુણો માટે તેને વર્ષ 2019માં GI ટેગ મળ્યો હતો.

➤ **રશિયામાંથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત વધી**



ભારતે જૂન 2024માં રશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાતમાં નોંધપાત્ર વધારો કરીને 1.97 મિલિયન બેરલ પ્રતિ દિવસ (mbpd) સુધી પહોંચ્યો છે, જે જુલાઈ 2023 પછી સૌથી વધુ છે. આ વધારો, જે દર મહિને લગભગ 15% અને વાર્ષિક ધોરણે 2% હતો, તે ચીનને રશિયન ક્રૂડ ઓઈલના પુરવઠામાં ઘટાડા દ્વારા પ્રેરિત થયો હતો, જેના કારણે વધુ બેરલ ભારતમાં ખસેડવામાં આવ્યા હતા.

➤ **આધાર વર્ષમાં સુધારા માટેની સમિતિ**

તાજેતરમાં રાષ્ટ્રીય ખાતાઓ માટે આધાર વર્ષના સુધારાની સમીક્ષા કરવા માટે આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ 26 સભ્યોની સમિતિની અધ્યક્ષતા બિસ્વતંહ ગોલદાર કરશે અને રાષ્ટ્રીય ખાતાઓ માટે નવા આધાર વર્ષની ભલામણ કરશે, જે સંભવતઃ જથ્થાબંધ ભાવ સૂચકાંક, ઉત્પાદક ભાવ સૂચકાંક અને ઉપભોક્તા ભાવ સૂચકાંક જેવા સૂચકાંકો સાથે સંરેખિત હશે. હાલમાં પાયાનું વર્ષ 2011-12 છે પરંતુ તેને વર્ષ 2020-21 બનાવવા માટે તેમાં સુધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ પહેલનો હેતુ હાલના ડેટાબેઝની સમીક્ષા કરીને અને નવા ડેટા સ્ત્રોતોનો સમાવેશ કરીને આર્થિક વિશ્લેષણ અને નીતિ–નિર્માણને વધુ સચોટ બનાવવાનો છે.

## વિશ્વ

➤ **અમેરિકાનો 248મો સ્વતંત્રતા દિવસ**



તાજેતરમાં અમેરિકાએ 4 જુલાઈ, 2024ના રોજ તેના સ્વતંત્રતા દિવસની 248મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી. 4 જુલાઈ, 1976ના રોજ સેકન્ડ કોન્ટિનેંટલ કોંગ્રેસે સ્વતંત્રતાની ઘોષણા અપનાવ્યા પછી યુનાઈટેડ સ્ટેટ્સને સાર્વભૌમ રાષ્ટ્ર જાહેર કરવામાં આવ્યું હતું. આ દિવસે બ્રિટિશ કોલોનીઓ ગ્રેટ બ્રિટનથી અલગ પડી ગઈ હતી. અમેરિકાની આઝાદીનો સંઘર્ષ વર્ષ 1775માં શરૂ થયો હતો, જ્યારે 13 અમેરિકન વસાહતોએ કિંગ જ્યોર્જ III હેઠળ બ્રિટિશ શાસનથી સ્વતંત્રતા માગી હતી. આ સંઘર્ષ અમેરિકન ક્રાંતિ યુદ્ધ (1775-1783) તરફ દોરી ગયો, જે વસાહતોની સ્વ–શાસન અને દમનકારી બ્રિટિશ નીતિઓથી સ્વતંત્રતાની ઈચ્છાઓથી પ્રેરિત હતું. અમેરિકન વસાહતોએ 2 જુલાઈ, 1776ના રોજ સ્વતંત્રતાની ઘોષણા માટે મત આપ્યો હતો, ઘોષણાની બહાલી આપવામાં આવી તેના બે દિવસ પહેલા અને 13માંથી 12 વસાહતોએ ગ્રેટ બ્રિટન સાથે સત્તાવાર રીતે રાજકીય સંબંધો તોડવાનું નક્કી કર્યું હતું.

➤ **અમેરિકાએ 'તિબેટ સમાધાન અધિનિયમ' પસાર કર્યો**



તાજેતરમાં યુએસ કોંગ્રેસે તિબેટ–ચીન વિવાદ નિવારણ અધિનિયમ પસાર કર્યો છે. જેને તિબેટ રિઝોલ્યુશન એક્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બિલનો ઉદ્દેશ્ય કોઈપણ પૂર્વશરતો વિના શાંતિપૂર્ણ વાટાઘાટો દ્વારા આંતરરાષ્ટ્રીય કાયદા અને યુએન ચાર્ટર અનુસાર તિબેટ–ચીન વિવાદનો શાંતિપૂર્ણ ઉકેલ હાંસલ કરવાનો છે. તેનો હેતુ તિબેટ પર અમેરિકાની સ્થિતિને મજબૂત કરવાનો અને દલાઈ લામા સાથે વાતચીત ફરી શરૂ કરવા માટે ચીન પર દબાણ કરવાનો છે. આ અધિનિયમ ચીનની સરકાર અને દલાઈ લામા અથવા તેમના પ્રતિનિધિઓ અથવા તિબેટિયન સમુદાયના લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા નેતાઓ વચ્ચે કોઈપણ પૂર્વશરતો વિના સંવાદને પ્રોત્સાહન આપશે.



1. તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકારે કયા જિલ્લામાં બાયોપ્લાસ્ટિક પાર્ક સ્થાપવાનું નક્કી કર્યુ છે ? – લખીમપુર ખેરી
2. તાજેતરમાં કઈ સંસ્થાએ 'Migration and Development Brief' નામનો રિપોર્ટ બહાર પાડ્યો છે ? – World Bank
3. તાજેતરમાં _____ ને તેમના લેખન માટે 2024 PEN પ્રિન્ટર સાહિત્ય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. – અરુંધતી રોય
4. ઈન્ડિયન એગ્રીકલ્ચરલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IARI)ના નવા ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ટી.આર.શર્મા
5. કઈ સંસ્થાએ કાયદાકીય સંદર્ભ માટે રચાયેલ Sangyaan એપ લોન્ચ કરી છે ? – રેલવે પ્રોટેકશન ફોર્સ
6. કયો દેશ પશુધનના ઉત્સર્જન પર વિશ્વનો પ્રથમ કાર્બન ટેક્સ લાદશે ? – ડેનમાર્ક
7. કયા વાઘ અભયારણ્યએ જંગલમાં લાગેલી આગની વહેલી તપાસ માટે અદ્યતન AI સિસ્ટમ શરૂ કરી છે ? – પેંચ ટાઈગર રિઝર્વ
8. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ પલ્લીકરનાઈ માર્શલેન્ડ કયા રાજ્યમાં આવેલું છે ? – તમિલનાડુ
9. ન્યોમા–યુશુલ પ્રદેશ તાજેતરમાં સમાચારમાં હતો. તે કયાં આવેલો છે ? – લદ્દાખ
10. તાજેતરમાં કઈ સંસ્થાએ ભારતની ગ્રીન હાઈડ્રોજન પહેલને સમર્થન આપવા માટે 1.5 બિલિયન ડોલરની લોન મંજૂર કરી છે ? – વિશ્વ બેંક
11. યુ.એસ. સ્થિત સ્પેસ એક્સપ્લોરેશન એન્ડ રિસર્ચ એજન્સી (SERA) અને બ્લુ ઓરિજને તેમના માનવ અવકાશ ઉડાન કાર્યક્રમ માટે _____ સાથે ભાગીદારી કરી છે. – ભારત
12. તાજેતરમાં અફઘાનિસ્તાન પર ત્રીજી સંયુક્ત રાષ્ટ્ર પરિષદ કયાં યોજાઈ હતી ? – દોહા, કતાર
13. કઈ સંસ્થાએ તાજેતરમાં મંગળ ઓડિસી ઓર્બિટરનો ઉપયોગ કરીને ઓલિમ્પસ મોન્સ નામના આપણા સૌરમંડળના સૌથી મોટા જ્વાળામુખીનું દશ્ય મેળવ્યું છે ? – NASA
14. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'મુખ્યમંત્રી કિસાન સન્માન નિધિ' યોજના શરૂ કરી છે ? – રાજસ્થાન
15. તાજેતરમાં કયો દેશ સમગ્ર પ્રાણીસૃષ્ટિની ચેકલિસ્ટ તૈયાર કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે ? – ભારત
16. પ્લાસ્ટિકના કચરાનો ઉપયોગ કરીને રોડ બનાવવા માટે કયા શહેરનું લશ્કરી મથક ભારતમાં બીજું બન્યું છે ? – જયપુર
17. તાજેતરમાં 2024 કોમનવેલ્થ સ્ટોરી પુરસ્કાર કોણે જીત્યો છે ? – સંજના ઠાકુર

18. ભારત અને નેપાળ વચ્ચે હિન્દી સાહિત્ય અને સાંસ્કૃતિક સંબંધોમાં તેમના યોગદાન માટે 12મા વિશ્વ હિન્દી સન્માનથી કોને સન્માનિત કરવામાં આવ્યા હતા ? – ડો. ઉષા ઠાકુર
19. પાડોશી દેશો સાથે ચલણની અદલાબદલીને સરળ બનાવવા માટે 2024-27ના સમયગાળા માટે ભારતીય રિઝર્વ બેંકે કયું માળખું જાહેર કર્યુ છે ? – SAARC
20. કયા દિવસના રોજ 'રાષ્ટ્રીય ટપાલ કાર્યકર' દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – 1 જુલાઈ
21. 'વર્લ્ડ સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ ડે' કયા દિવસના રોજ ઉજવવામાં આવે છે ? – 1 જુલાઈ
22. કઈ સંસ્થાએ ક્ષય રોગના સંશોધન માટે 3D ફેફસાનું મોડેલ વિકસાવ્યું છે ? – IISc બેંગ્લુરુ
23. તાજેતરમાં _____ માં CSIR સ્ટીલ સ્લેગ રોડ પર પ્રથમ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. – નવી દિલ્હી
24. કયા દેશે કોમ્પ્યૂટર માટે 'OpenKylin' નામની ઓપરેટિંગ સિસ્ટમ શરૂ કરી છે ? – ચીન
25. તાજેતરમાં ડિક શૂફને કયા દેશના વડાપ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – નેધરલેન્ડ
26. ભારત–મંગોલિયા સંયુક્ત સૈન્ય કવાયત 'નોમેડિક એલિફન્ટ'ની 16મી આવૃત્તિ કયા યોજાઈ હતી ? – ઉમરોઈ, મેઘાલય
27. તાજેતરમાં સમાચારમાં રહેલ 'લો–ફ્રીકવન્સી એરે' અથવા LOFARનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે ? – નીચી રેડિયો ફ્રીકવન્સી પર બ્રહ્માંડનું અવલોકન કરવું
28. તાજેતરમાં ભારત સરકારે સ્થાનિક રીતે ઉત્પાદિત ક્રૂડ ઓઈલ પર વિન્ડફોલ ટેક્સ 3,250 રૂપિયા પ્રતિ ટનથી વધારીને _____ કર્યો છે. – 6000 રૂપિયા પ્રતિ ટન
29. _____ ઈન્ટરનેશન લેવલ પર મેડલ જીતનારી પ્રથમ ગુજરાતી બોક્સર બની છે. – યાત્રી પટેલ
30. તાજેતરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના રાજ્યના વડાઓની પરિષદની 24મી બેઠક કયાં યોજાઈ હતી ? – અસ્તાના, કઝાકિસ્તાન
31. તાજેતરમાં સમાચારમાં રહેલ 'જંક DNA' શું છે ? – DNAના નોનકોર્ડિંગ વિસ્તારો
32. ઓસ્ટ્રિયન ગ્રાન્ડ પ્રિક્સ 2024 કોણે જીત્યું છે ? – જ્યોર્જ રસેલ
33. કર્નલ એમબી રવિન્દ્રનાથ દ્વારા લખાયેલ પુસ્તક 'કારગિલ વોર : ધ ટર્નિંગ પોઈન્ટ' કોણે લોન્ચ કર્યુ હતું ? – નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ કેટી પરનાઈક
34. નેશનલ મેડિકલ કમિશનના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ડો.બી.એન.ગંગાધર
35. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં શિંગડાવાળા દેડકાની નવી પ્રજાતિ મળી આવી હતી ? – અરૂણાચલ પ્રદેશ
36. આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટીક બેગ મુક્ત દિવસ દર વર્ષે કઈ તારીખે ઉજવવામાં આવે છે ? – 3 જુલાઈ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# MAINS PRACTICE QUESTIONS : ભારતીય રાજ્ય વ્યવસ્થા અને બંધારણ

1. 'ભારત એક બિનસાંપ્રદાયિક અથવા ધર્મનિરપેક્ષ દેશ છે' – નિવેદન પર ચર્ચા કરો.
2. મૂળભૂત ફરજોને અસરકારક બનાવવાના ઉપાયો વિશે ચર્ચા કરો ?
3. ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને બંધ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય પાછળના પરિબળોનું વિશ્લેષણ કરો. ભારતમાં રાજકીય ભંડોળમાં પારદર્શિતા સુધારવા માટે ભલામણ સૂચવો.
4. રાજ્યમાં રાજ્યપાલની કારોબારી સત્તાઓ વિશે ટૂંકમાં નોંધ લખો.
5. ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થાને મજબૂત કરવા માટે કયા પગલાની જરૂર છે. – ચર્ચા કરો.
6. ભારતના બંધારણનું આમુખ તમામ નાગરિકો માટે શું સુરક્ષિત કરવા માંગે છે ? ટૂંકમાં સમજાવો.
7. પંચ અથવા ટ્રિબ્યૂનલ એટલે શું ? ટ્રિબ્યૂનલની જરૂર કેમ પડે છે ચર્ચા કરો ?
8. લોકો પ્રત્યે સરકારની જવાબદારી સ્થાપિત કરવામાં જાહેર હિસાબ સમિતિની ભૂમિકાની ચર્ચા કરો.
9. 'એટર્ની–જનરલ એ ભારત સરકારના મુખ્ય કાનૂની સલાહકાર અને વકીલ છે' – ચર્ચા કરો.
10. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધોની ચર્ચા કરો.

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો મૂકવામાં આવે છે. જેની દરેક વિદ્યાર્થીએ નોંધ લેવી.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની સર્વશ્રેષ્ઠ તૈયારી કરવા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓના અનુભવી વિષય નિષ્ણાત ફેકલ્ટીની ટીમ પાસે સર્વશ્રેષ્ઠ અભ્યાસ કરવા માટે...

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

**રાજકોટ 93757 01110**

Head Office : ICE, બીજો માળ, સદગુરુ કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ

**ગાંધીનગર 81406 01110**

218, B-Block, અટારીયા સરગાસણ ક્રોસ રોડ, ગાંધીનગર.

**જૂનાગઢ 76985 01110**

પેરી પ્લાઝા કોમ્પ્લેક્સ, અલકાપુરી સોસાયટી પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT